'અશ્વમેધ' નાટકમાં નાટ્યકારે આ કથાઘટકનો ઉપયોગોકરીને ત્રણ અંકનું એક ઉત્તમ નાટક સર્જ્યું છે. નાટક શરૂ થાય છે એક ગીતથી, જેના શબ્દો છે : 'મન માણસનું એવું, જેનો કોઈ ન સમજે ભેદ, વહાલા, કોઈ ન સમજે ભેદ.' આ ગીત સમગ્ર નાટકમાં પડઘાયા કરે છે. માનવમનની અકળ ગતિનો પાર કોઈ પામી શક્યું નથી એવું લેખકનું દર્શન નાટકમાં વ્યક્ત થતું રહે છે. જાતીય વૃત્તિના સંદર્ભમાં માનવમનને સમજવું એક કોયડારૂપ કામ છે. આ નાટકની નાયિકા મોહિની સમગ્ર નાટકનું કેન્દ્રરૂપ પાત્ર છે, જે વિચિત્રસેન રાજાની પટરાણી છે. મોહિની નાટકના આરંભે વિચિત્રસેન રાજાને ચક્રવર્તી થવા પ્રેરે છે. મોહિનીને રાજા ચક્રવતરૂ્ર બને એનો જેટલો અભિલાષ છે એથી વધારે અભિલાષ અશ્વ સાથેના સમ્યકયોગનો છે. રાજા અશ્વમેધ આદરવા તૈયાર થાય છે, જેમાં અશ્વની પસંદગી મોહિની પોતે કરશે એવું જણાવે છે. પ્રથમ દૃશ્યના અંતે મોહિની કહે છે : 'અમે પણ ખૂબ ઉત્તેજિત છીએ... આતુર છીએ... અશ્વને... નહીં... નહીં, ક્ષમા કરજો, મહારાજ, અશ્વને નહીં, આપને મળવા...' આ સંવાદમાં મોહિનીની ભીતર જે મનોરથ છે તે વ્યક્ત થઈ જાય છે. નાટક પણ પછી એ દિશામાં જ ગતિ કરે છે.

બીજા દૃશ્યથી અશ્વની પસંદગી શરૂ થઈ જાય છે, જેમાં મોહિનીની સામે સાત અશ્વ લાવવામાં આવે છે. આ અશ્વની પસંદગીમાં પણ મોહિનીનું ભીતરનું વિશ્વ ખૂલતું જાય છે. આખરે બીજક નામના અશ્વને પસંદ કરવામાં આવે

છે. ત્રીજા દશ્યમાં અશ્વસ્નાનવિધિ છે, જેમાં એ બીજકનો સ્પર્શ પામે છે. બીજક સાથેની આ વિધિ દરમિયાન રાણી પોતાના વક્ષઃસ્થળનો સ્પર્શ કરાવે છે. રાણીની આ ચેષ્ટાથી અશ્વ પ્રત્યેની તેની આસક્તિ અને તેને પામવા માટેની ઝંખના ઉપરથી પડદો ઊંચકાઈ જાય છે.

બીજા અંકના પહેલા દશ્યમાં અશ્વની ગતિ અને સૈનિકોનસ મનોસ્થિતિનો લેખકે ચિતાર આપ્યો છે. બીજા દશ્યમાં મોહિનીના મનમાં રહેલી અશ્વ પ્રત્યેની કામના ચિત્રકાર સાથેના સંવાદમાંમાંથી પ્રગટ થાય છે. ત્રીજા દશ્યમાં મોહિની અને એની સખી અનામિકા વચ્ચેનો સંવાદ છે. એ સંવાદમાં મોહિની પોતાની તરુણાવસ્થાની યાદોને વાગોળે છે, જેમાં અશ્વસવારી વખતે તેને જે રતિસુખનો અનુભવ થયો હતો તે બાબત યાદ કરે છે, પરંતુ આ અનુભવ સાથે એક કડવી યાદ જોડાયેલી છે. કારણ કે, આ અનુભવ જ્યારે એણે મકરધ્વજને કહ્યો હતો ત્યારે મકરધ્વજે તેજસ નામના એ અશ્વની હત્યા કરી હતી. આ તેજસ સાથેનો અનુભવ એના ચિત્તમાં અકબંધ છે એવું સ્પષ્ટ દેખાઈ આવે છે.

ત્રીજા અંકમાં રાજા વિચિત્રસેન રાણીની હરકતોને ઓળખી ગયો હોય એવું લાગે છે. ત્રીજા અંકના ત્રીજા દશ્યમાં અશ્વને જોયા પછી મોહિનીનો મોહભંગ થાય છે. તે કહે છે : 'અરે ! આ કયો અશ્વ છે ? નથી, આ અમારો બીજક નથી. આ તો ગળેલાં ગાત્રવાળો – ક્ષણેક્ષણે અંગે ભયથી કંપતો – ફિક્કો-જિર્ણ-જર્જર થઈ ગયેલો કોઈ શ્રમિત અશ્વ લાગે છે – જાણે વિચિત્રસેન અશ્વ થઈને અવતર્યા ન હોય – (બીજકની પાસે જઈ) તું બીજક છે ? તું ? ક્યાં છે એ માર્દવભરી ચાલ ? ક્યાં છે એ શક્તિના સ્રોત જેવી હેષા ? ના, ના, તું બીજક ન હોઈ શકે – છળ. કોઈએ કર્યું છે છળ...'

નાટકના અંતે તો અશ્વ અને વિચિત્રસેન વચ્ચે પતિની તલવારથી આત્મહત્યા કરી લેતી રાણી મોહિની છે. આમ, એક કરુણ દશ્ય સાથે નાટક પૂર્ણ થાય છે. નાટકના અંતે 'મન માણસનું' ગીત છે. આરંભથી લઈ અંત સુધી માણસના મનની વાત રજૂ થઈ છે. અશ્વમેધ યજ્ઞનું પુરાકલ્પન લઈને લેખકે એક ઉત્તમ નાટકની રચના કરી છે. અશ્વ પ્રત્યેની મોહિનીની કામનાનું લેખક આધુનિક પરિપ્રેક્ષ્યમાં ઉત્તમ રીતે અર્થઘટન કર્યું છે. જાતીય વૃત્તિ અંગેની વિકૃતિનું વરવું દર્શન આપણે સમાજમાં ઘણી વાર જોઈએ છીએ. બ્લ્યૂ ફિલ્મોમાં દર્શાવાતાં આવાં અવાસ્તવિક દશ્યોથી પણ એ વિકૃતિને બહેકવાની તક મળી છે. નાટકના આરંભે મૂકાયેલું ગીત 'મન માણસનું એવું, જેનો કોઈ ન સમજે ભેદ, વહાલા' ગીત નાટકનો સાર છે એમ કહીએ તો ખોટું નથી. નાટકની નાયિકા મોહિનીની આ કામના ભલે વિકૃતિ ગણાય, પરંતુ આવી કામના માનવમનમાં જન્મવી અસંભવ નથી. જાતીય વૃત્તિ અંગે આપણા સમાજમાં મુક્તતા ઓછી છે. આવા સમયે માણસના મનમાં આ બાબત સતત ચાલતી રહે છે. આથી જ આ નાટક વિશે વિવેચક સતીશ વ્યાસે નોંધેલી આ વાત સાથે સહમત થવું યોગ્ય ગણાશે : ''અશ્વને અહીં પ્રતીક તરીકે લેવાની લેશમાત્ર આવશ્યકતા નથી.''

સમગ્ર નાટકમાં મોહિનીના મનને ઉજાગર કરવાનો લેખકે ઉત્તમ પ્રયત્ન કર્યો છે. મોહિનીનું પ્રત્યેક પગલું અશ્વને પામવા માટેનું છે. જો કે, લેખકે થોડી મુખરતાથી આ વાત રજૂ કરી છે. પરંતુ કદાચ કામાગ્નિની પ્રબળતા સામે

દુનિયાદારીનું ડહાપણ બળી જાય છે, એ સત્યને પ્રગટ કરવા માટે લેખકે આટલી મુખરતાનો આશ્રય લીધો હોય એવું બનવા સંભવ છે. નીચેના કેટલાક સંવાદોમાં લેખકે મોહિનીના ભીતરની હલચલને આબાદ રીતે પકડી છે :

મોહિની : અશ્વમેધ... અશ્વ... હણહણતો અશ્વ... તેજીલો, માર્દવભર્યો અશ્વ... પ્રાણનાથ, અશ્વમેધ થશે એ આપના શબ્દોથી અમે (હાથ બતાવી) કેવો રોમાંચ અનુભવીએ છીએ – એ જોયું ?

નાયિકાના મનમાં જન્મેલી આ વાસના કેટલી પીડાકારક છે એ લેખકે વિશેષ રીતે તાટસ્થ્યપૂર્વક બતાવ્યું છે. મોહિનીના પાત્રને અહીં મનોવિજ્ઞાનના પરિપ્રેક્ષ્યમાં સમજવાની જરૂર છે. અશ્વમેધનું પુરાકલ્પન આપણને એ સંદર્ભમાં જુદું લાગે છે. માનવમનની ભીતર કશું જ અસંભવ નથી એ વાત જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી આ નાટક પામી શકાય એમ નથી. જાતીયતા અંગેનો ફ્રોઈડનો મત થયા પછી જાતીયતા વિશેની માન્યતાઓમાં ખૂબ પરિવર્તન થયાં. આ નાટકમાં નાયિકાનું પાત્ર આપણને વિકૃત લાગે, પરંતુ સતીશ વ્યાસે નોંધ્યું છે તે પ્રમાણે વાને જોઈએ તો – ‘‘અસંભવિત એવી શક્યતાઓ સાથે કલાકારો ઘણી વાર કામ પાડતા હોય છે, ને ક્યાંક તો આવા વિરલ વૃત્તિવાળા માણસો હોવાના જ. જેમ કેટલાક પુરુષોના પ્રાણીઓ સાથેના અકુદરતી(?) એવા સંબંધો શક્ય છે એમ સ્ત્રીના પણ એવા સંબંધો શક્ય હોય.’’

આ નાટકમાં મોહિનીને રાજા વિશ્વવિજેતા બને એમાં લેશમાત્ર રસ નથી. એનો રસ તો અશ્વ છે. એની આવી કામના એના પાત્રને ઘણું જુદું પાડી આપે છે. ચિત્તમાં ચાલતો આ અશ્વ પ્રત્યેનો કામજ્વર સમગ્ર નાટકનું ચાલકબળ છે. માનસિક લીલાને રંગભૂમિ ઉપર જીવંત કરવાનું કામ મુશ્કેલ હોય છે. આવી ભીતરના ભેદની વાત રજૂ કરવા લેખકે અહીં જે વિવિધ પ્રયુક્તિઓનો આશ્રય લીધો છે તે ઉત્તમ છે. આ નાટક રંગભૂમિને અનુકૂળ રહી શક્યું છે. લેખકે અશ્વ સાથેના પ્રસંગોના આલેખનમાં અને એ રીતે એની ભજવણીની સ્થિતિને ઔચિત્યભાન સાથે રજૂ કરી છે.

‘અશ્વમેધ’ નાટકમાં લેખકે સમૃદ્ધ રીતે પ્રસંગોનું આયોજન કર્યું છે. જો કે, ખુલ્લાપણું પણ ઘણું છે. નાટકની મુખરતાને ઓછી કરવા માટે લેખક વિવિધ પ્રયુક્તિઓનો આશ્રય લઈ શક્યા હોત. પુરાકલ્પનને આધુનિક સંદર્ભો સાથે જોડી કામ પાર પાડવાનું વલણ અહીં સફળ થયેલું દેખાશે. અશ્વમેધ યજ્ઞ સાથે જોડાયેલી મહત્ત્વની બાબત વિશ્વવિજેતા બનવાની છે. માનવ વિશ્વવિજેતા બની શકે છે પણ પોતાના મનને હરાવી નથી શકતો એ વાત પણ આ નાટકમાં રજૂ થયેલી દેખાય છે. મોહિની કે રાજા વિચિત્રસેન બેમાંથી કોઈ પણ અહીં પોતાના મનને વશ કરી શક્યાં નથી.

સમગ્ર નાટકને લેખકે રંગભૂમિને અનુકૂળ રાખ્યું છે. નાટકના સંવાદોમાં વાચિક અભિનયની ઘણી બધી શક્યતાઓ પડેલી છે. મોહિનીનો અશ્વ પ્રત્યેનો લગાવ અહીં એના કાકુઓમાંથી લેખકે ઉત્તમ રીતે રજૂ કરાવ્યો છે. પાત્રની મનોસ્થિતિ પ્રમાણેની ભાષા આ નાટકમાં વિશેષ રીતે પ્રગટ થયેલી દેખાય છે. મોહિનીના એવા રંગીન સંવાદો નાટકને રંગીન બનાવે છે. નાટક પ્રેક્ષકને અંત સુધી જકડી રાખે છે એમાં આ સંવાદોનું બળ ખૂબ મોટી ભૂમિકા ભજવે છે. નાટકની મંચનક્ષમતા પણ ઉત્તમ છે. આ નાટક સફળતાથી ભજવી શકાય એવું છે.

આ કરુણ નાટક છે. નાટકના અંતે મોહિનીની આત્મહત્યા નાટકને કરુણતા તરફ લઈ જાય છે. મોહિનીને જે મનોસ્થિતિમાંથી પસાર થવું પડે છે તે પણ એક કરુણતા જ છે. તેનું મન જે ઈચ્છે છે તે તેને મળી શકે એમ છે અને છતાં જે પ્રકારે તેણે પોતાની જાતને પ્રગટ થવા દીધા વિના જે પામવાનું છે તે ઘેરો કરુણ ઊભો કરે છે. 'અશ્વમેધ' નાટક ગુજરાતી સાહિત્યનું એક ઉત્તમ નાટક છે. પુરાકલ્પનનો એક સફળ વિનિયોગ આ નાટકમાં થયેલ જોવા મળે છે.

સંદર્ભગ્રંથો :


૧. મોદી, ચિનુ, અશ્વમેધ, રન્નાદે પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૬

૨. પટેલ, પ્રમોદકુમાર, કળા, સાહિત્ય અને વિવેચન, ગુજરાતી સાહિત્ય પરિષદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૦

૩. વ્યાસ, સતીશ, ગુજરાતી નાટક, ગુજરાતી સાહિત્ય પરિષદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૯

# આધુનિક સંસ્કૃત સાહિત્યમાં ગરબા : એક અધ્યયન

ડૉ. નેહલ પંડ્યા
સંસ્કૃત વિભાગ

ભારતીય સંસ્કૃતિ આધ્યાત્મિક સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિ વ્યક્તિના જીવનનાં સર્વ પાસાંને ભૌતિક રીતે વિકસાવીને ધીરે ધીરે આત્માની કેળવણી તરફ લઈ જાય છે, તેથી આ કેળવણી સર્વાંગી વિકાસની કેળવણી છે. સંસ્કૃત ભાષાના સર્વાંગી વિકાસ માટે વેદો, ઉપનિષદો, રામાયણ, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા વગેરે ઉત્તમોત્તમ ગ્રન્થો મળે છે. સંસ્કૃતના પ્રચાર અને પ્રસાર માટે સંસ્કૃત અનુરાગી અને વિદ્વાનો પણ અત્યંત કાર્યરત રહ્યા છે, જેમાં સંસ્કૃત વિદ્વાનો દ્વારા લખાયેલ અનેક વિવિધ આયામો રચાયા. સંસ્કૃતના આધુનિક આયામોમાં 'मण्डलगान' એટલે કે ગરબો પણ એક પ્રકાર છે.

'मण्डलगान' અર્થાત્, 'ગરબો' એ ગુજરાતનો પ્રદેશ વિષયક પ્રકાર છે. 'गर्भदीप' ઉપરથી 'ગરબો' એવો શબ્દ ઉતરી આવ્યો છે. માટીની કાણાવાળી કુલડી (નાની માટલી)ની અંદર દીવડો પ્રગટાવીને તેની આજુબાજુ ગોળાકારે ફરતાં ફરતાં નૃત્ય સાથેના ગીતને 'ગરબો' કહે છે, જેમાં મુખ્યત્વે માતાજીના ગરબા અને કૃષ્ણભક્તિની ગરબીનો સમાવેશ થાય છે.

વિવિધ પુરાણો અને કાવ્યોના વિપુલ સર્જન બાદ સંસ્કૃતનો વિકાસ જાણે કે રોકાઈ ગયો હતો, જે સ્વાતંત્ર્યોત્તર ભારતની દશાબ્દીઓમાં ક્રમશઃ ફરીથી આશ્ચર્યજનક રીતે પગદંડી જમાવી રહ્યો હોય તેવું માલૂમ પડે છે. જીવનનું કોઈ ક્ષેત્ર બાકી રહ્યું નથી કે જેનો પરિવેશ સંસ્કૃત સાહિત્યએ ધારણ કર્યો ન હોય. સંસ્કૃત ગઝલ, લઘુકથાઓ, કાવ્યો અને તેના પ્રકારો, કવ્વાલી, હાઇકુ વગેરે વિવિધ પદ્ય-ગદ્ય સાહિત્યરૂપો સંસ્કૃત સાહિત્યમાં કંડારાયાં છે.

માતાજીના ગરબા ખાસ કરીને બહેનો ગાય છે અને રાસ રમે છે. મોટે ભાગે ગરબા બેસીને પણ ગવાય છે. કૃષ્ણભક્તિથી રચાયેલ રચનાને 'ગરબી' કહે છે. પુરુષો અને સ્ત્રીઓ દ્વારા સાથે સાથે રમાતાં અને ગવાતાં ગીતો ગરબી છે.

આધુનિક સંસ્કૃત ગરબાના સર્જનમાં ડૉ. ઉમાબેન દેશપાંડે, અરુણોદય જાની, મણિશંકર ઉપાધ્યાય વગેરેએ યથાયોગ્ય યોગદાન આપેલ છે. 'संस्कृत मण्डलगानानि' નામના પુસ્તકમાં આ બધા સંસ્કૃત ગરબાઓનો સંગ્રહ થયેલો છે, જેમાં મુખ્યત્વે ડૉ. પ્રદ્યુમ્ન શુક્લા, ડૉ. અરુણોદય જાની, શ્રી બદરીનાથ શાસ્ત્રી, શ્રી મણિશંકર ઉપાધ્યાય, ડૉ. જયનારાયણ પાઠક, ડૉ. ગૌતમ પટેલ, શ્રી ઘનશ્યામ ત્રિવેદી, ડૉ. ઉમા દેશપાન્ડે વગેરેનું પ્રશસ્ય પ્રદાન રહેલું છે.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષ એવાં ડૉ. ઉમા દેશપાન્ડે વડોદરાના રહેવાસી છે, જેઓ સંસ્કૃતમાં ગરબા રચે છે તેમજ નવરાત્રિના સમયે સંસ્કૃત ગરબાઓ ગવરાવે પણ છે. તેમનો ગરબા જોઈએ તો –

नमामो मातरम्

भावपूर्णमान से चित्तं विनीतम्...

अस्माकं लीनं मातरि रे...

मुहुर्मुहुनमामो मातरं रं...

(રાગ : ચપટી ભરી ચોખા ને ઘીનો છે દીવડો... )

આદ્યશક્તિ જગદંબાનાં વિવિધ સ્વરૂપો અને શક્તિ પ્રત્યે ભક્તિભાવના વ્યક્ત કરતો આ સંસ્કૃતનો નાનકડો પણ સુંદર ગરબો છે.

આ ગરબાનો ભાવાર્થ છે કે કવયિત્રી મા ભગવતીને નિવેદન કરે છે કે અમારા ભક્તિભાવપૂર્ણ માનસ અને ચિત્તથી તને વારંવાર વંદન કરીએ છીએ.

हो बालिका, दारुणे संसार बहुदुस्तारे

अम्बिका करुणा सारा

ननु वन्दनीया दुर्गा ॥

અહીં સરળ શબ્દો, સ્તુતિશૃંગાર, સાથે સાથે ગેયતત્ત્વ ભળતાં નૃત્યનો લય સર્જાય છે.

ડૉ. ગૌતમ પટેલ રચિત ગરબાઓ જોઈએ તો –

हे भारत देशोस्ति सर्वकार्य साधको रे लोल

सर्व देश विदेश स्थापितो रे लोल

महात्मा गांधी द्वारा संवर्धितो रे लोल ॥

तेन सत्यं परं प्रकाशीतो रे लोल ॥ भारत

(રાગ : મારી શેરીએથી કાનકુંવર આવતા રે લોલ...)

ભારત દેશ પ્રત્યે અને તેના મહાન નેતાઓ પ્રત્યે આદરભાવ વ્યક્ત કરતો રાષ્ટ્રીય ભાવનાથી ભર્યો ભર્યો આ ગરબો છે, જેમાં ભારતદેશ, સર્વ પ્રકારના રાજનૈતિક, સામાજિક, સાંસ્કૃતિક એકતા ધરાવતો અને એવાં ઉત્તમ કાર્યોને સાધનારો દેશ છે એમ કહેવાયું છે.

ડૉ.ગૌતમ પટેલ દ્વારા રચાયેલા અન્ય ગરબા પર દૃષ્ટિપાત કરીએ :

समत्वम् आराधनं अच्युतस्य

एकत्वम् अस्ति संस्कृतेः लक्षणम्

एकत्वं मनसि भावय रे... एकत्वम्

गुर्जर – देशे एकता हि मूल्यम्

एकतां हृदि धारय रे... एकत्वम्

(રાગ : ચપટી ભરી ચોખા ને ઘીનો છે દીવડો... )

ગુજરાત ગૌરવ દિવસ, તા. ૧.૫.૨૦૦૩ના મહોત્સવ નિમિત્તે લખાયેલો અભિનવ ગરબો છે. ભારતીય સંસ્કૃતિમાં રહેલ એકતા, જ્ઞાનપિપાસા, માનવતા, ધર્મપ્રીતિ, સમતા, શાંતિ, ગુણસાધના, નમ્રતા વગેરે ઉદાત્ત ભાવોને કવિએ આ ગરબામાં ઉતાર્યાં છે.

શ્રી ઘનશ્યામ ત્રિવેદી દ્વારા રચાયેલ ગરબો જોઈએ તો –

स्पष्टं स्पष्टं कथयतु रे માં જસમા ઓડણના રૂપસૌન્દર્યથી આકર્ષિત થઈ તેને મહારાજા સિદ્ધરાજ જયસિંહ પોતાની પટરાણી બનાવવા ઈચ્છે છે તેનું આલેખન છે. આ અંગે બન્નેની વચ્ચે થયેલા પ્રેમભર્યા સંવાદને વ્યક્ત કરતા વિખ્યાત ગુજરાતી ગરબાનો સંસ્કૃતમાંનો આ સુંદર અનુવાદ છે.

સિદ્ધરાજ જસમાને જ્યારે પૂછે છે કે હે ગોરી, તમે કયા દેશનાં નિવાસી છો, આટલું સુંદર રૂપ તમને કોણે આપ્યું ? હું પ્રથમ દૃષ્ટિથી જ વિંધાઈ ગયો છું અને તમને મારી પટરાણી બનાવવા માગું છું. ત્યારે પ્રત્યુત્તર આપતાં જસમા જણાવે છે કે હું મેવાડની રહેવાસી છું, હું પરિણિતા છું, મારા પતિનું નું નામ ત્રિકમ છે અને તેના ઘરની હું ગૃહિણી છું. મને તમારી બનાવવાનાં સપનાં ના જોશો :

सिद्धराज – त्वं किं देशस्य निवासिनी रे

स्पष्टं स्पष्टं कथयतु रे।

जसमा – उहं मेवाडस्य निवासिनी रे

स्पष्टं स्पष्टं श्रुणोनु रे।

બદરીનાથ શાસ્ત્રી રચિત ગરબાઓ નું સર્જન જોઈએ તો – मम चितं सदा स्मरतात्, तीरं स्मरामि, त्वं मया वारितोऽसि, वन्दन्ते यामखिल सुमनसो, श्रय नन्दकुमारम्, सर्वदैव गोपालबाल भारतं सर्वदैव शून्य भवेत्, या दिविजैः संपूजिता, परिचैया परिचेया વગેરે તેમની મુખ્ય ગરબારચનાઓ છે. પ્રસ્તુત મણ્ડલગાન ત્રણ તાલીમાં ગાઈ શકાય અને કહેવામાં આવ્યુ છે કે જો ભારતમાંથી સંસ્કૃત ભાષા અદશ્ય થઈ જાય તો ભારતની કેવી દુર્દશા થાય, કેવી વૈદિકસંસ્કારશૂન્યતા વ્યાપી જાય અને વિદેશી ભૌતિકતાપ્રધાન સભ્યતાનું બળ સર્વત્ર ફેલાઈ જાય. સંસ્કૃત ભાષાના અભાવમાં શું શું થઈ જાય એના નકારાત્મક મુદ્દા ઊભા કરીને ભારતમાં સંસ્કૃત ભાષા-સાહિત્યનું વાસ્તવ, એનું અમાપ માહાત્મ્ય નિરૂપિત કર્યું છે.

શ્રી બદરીનારાયણ શાસ્ત્રી દ્વારા રચાયેલ આ અદ્‌ભુત ગરબામાં ભારતદેશ અને તેમાં પણ સંસ્કૃત ભાષાના મહત્ત્વનું ગુણગાન ગાવામાં આવેલ છે, જેમકે –

भारतं सर्वदैव शून्यं भवेत्

भारतं सर्वदैव शून्य भवेत्

भाषा तदीया संस्कृतं न चेत्

धर्मेण हीनं विलीन संस्कृतिप्रभं

पाशवीं विगर्हितां वृतिं श्रेयत्

भाषा तदीया –

આવા જ ગરબાનું સર્જન અમદાવાદમાં આવેલ વેદ વિજ્ઞાન અકાદમીના ડાયરેક્ટર ડૉ. પ્રજ્ઞા જોષીએ અનેકવિધ રીતે કરેલું છે. ઉદાહરણાર્થે –

हे भारतदेशोऽस्ति तत्त्वज्ञानदायको रे लोल

ब्रह्मसूत्रैर्बह्मणः प्रकाशको रे लोल ।

हे... शंकराचार्यः अस्माकं विभूषणं रे लोल ॥

ભારતભૂમિમાં થઈ ગયેલા દાર્શનિકો શંકરાચાર્ય વગેરેના સગુણ-નિર્ગુણ બ્રહ્મ તત્ત્વજ્ઞાનને કવયિત્રીએ સાદી, સરળ અને બાનીમાં લયબદ્ધ રીતે ગરબામાં રજૂ કરેલ છે.

આવા જ પ્રકારની અન્ય ગરબાની રચના સંસ્કૃતના વિદ્વાન ઋષિરાજ અગ્નિહોત્રીએ કરી છે. જેમકે –

आवाहयामि मङ्गलमयी रे

नवरात्रेषु प्रणमामि भीतिभंजनी

अर्बुदेश्वरी संजीवनी रे

आनन्दिनी भवभयभीतिभंजनी ।

આ મંડલગીતમાં લય-ગેયતા, સંગીતતત્ત્વનો સંગમ અદ્‌ભુત રીતે થયો છે. સાથે સાથે, સમૂહગાનમાં ઝિલી શકાય તે રીતે સરળ, માધુર્યપૂર્ણ પદાવલિઓ પણ ચિત્તઆકર્ષક છે.

અમદાવાદના બીજા એવા, સંસ્કૃતઅનુરાગી સર્જક ડૉ. વાસુદેવ પાઠકે પણ मण्डलगान ની રચનાઓ કરી છે. ઉદાહરણ તરીકે જોઈએ તો –

नन्दनन्दनरता राधिका राधिका

नन्दनन्दननुता राधिकाराधिता ॥

सोऽपि तां प्रीणयेत्

सा च तं प्रणयेत्

अभयचिते परा प्रीतिरेखादभुता

कृष्णा आमंडितो राधिका मण्डिता, नन्दनन्दन ।

અહીં કૃષ્ણભક્તિને લઈને રચાયેલ આ મણ્ડલગાન ગરબીનો પ્રકાર છે.

શ્રી મણિશંકર ઉપાધ્યાય કૃત ગરબાઓને જોઈએ તો भारतीवृत्तम्, हो बाल रे વગેરે વગેરે રચનાઓ મળે છે. જેમકે –

प्रबुद्धा भारती रे, प्रयाता मारुतीमाशाम् ।

सुरेशा लेभिरे रे, स्वकीयामीहितामाशोम् ॥

विधाता वेदानज्ञासीद, अवादीदेतानिन्द्रादीने ।

तपायुः पावनी रे सुधामन्येरसप्राशाम्... प्रबुद्धा

સંસ્કૃત ભાષાસાહિત્યનો પ્રાચીન યશસ્વી ઈતિહાસ જણાવતો આ સરળ ગરબો ત્રણ તાલીમાં ગાઈ શકાય છે. જેમાં સંસ્કૃત ભાષા પ્રત્યે ભક્તિભાવ, સમર્પણભાવની લાગણી કવિ વ્યક્ત કરે છે.

શ્રી પ્રદ્યુમ્ન શુક્લા કૃત મણ્ડલગાનની રચના જોઈએ તો તેમણે वन्दे पादयुगं ते, श्यामवर्ण समीपे न यामि, शारदां भजमो रे, गुर्जरवन्दना જેવી અનેક રચનાઓ આપી છે. વિશેષ જોઈએ તો –

गुर्जरवन्दना

गुरुतामाश्रिता मे गूर्जरभूमि धन्या रे

वन्दतां वन्दतां रम्या... गुरुता

हरिणा शोभिता हि द्वारिकां

श्रयते सोमनाथ तरकं... गुरुता

(રાગ : મારી મહીસાગરના આરે ઢોલ વાગે છે...)

પ્રસ્તુત મણ્ડલગાનમાં ગુજરાતી ભૂમિની ધન્યતા, શ્રેષ્ઠતા અને ગૌરવગાથા કવિએ સગર્વ ગાઈ છે. એમાં ગુર્જર ભૂમિ રમ્યા અને વન્દનીયા છે એમ સુપેરે વ્યક્ત થાય છે.

**ઉપસંહાર :**

આમ, આવાં સંસ્કૃત મણ્ડલગાન ગુજરાતનું આકર્ષણ બની રહે તે રીતે સંસ્કૃત કવિઓએ રચ્યાં છે. આ રચનાઓમાં સરળ શબ્દો, સ્તુતિ, શૃંગાર, નૃત્યનો લય તથા સંગીતતત્વનો સંગમ અદ્ભુત રીતે થયો છે. એ સ્પષ્ટ રીતે

જોઈ શકાય છે કે આ સંસ્કૃત ગીતો ઉપર ગુજરાતી લોકપ્રિય ગરબાની છાપ છે. પરંતુ લોકપ્રિય, પ્રાદેશિક પ્રકાર સુધી સંસ્કૃત કવિતાને લઈ જવાનો ક્રમ અભિનંદનીય છે તથા અછાન્દસ કાવ્યો પણ નોંધપાત્ર છે.

સંદર્ભ :

'સંસ્કૃત મણ્ડલગાન' (સંસ્કૃત ગરબા), સંપાદક : ડૉ. કે. જે. ભટ્ટ, વિશ્વ સંસ્કૃતપ્રતિષ્ઠાનમ્, ગુર્જરપ્રદેશ શાખા, વડોદરા, ૨૦૦૩.

## અમૃત 'ઘાયલ' વિશેષ

સં. ધારા શર્મા

એફ.વાય.બી.એ.

બાજુમાં ગુલ અને નજરમાં બહાર,
હાથમાં જામ, આંખડીમાં ખુમાર;
આવી પહોંચી સવારી 'ઘાયલ'ની,
બાઅદબ, બામુલાહિજા, હોશિયાર !

અમૃત 'ઘાયલ'નું મૂળ નામ ભટ્ટ અમૃતલાલ લાલજીભાઈ. જન્મ૩૦.૯.૧૯૧૫ના રોજ અને મૃત્યુ ૨૫.૧૨.૨૦૦૨ના દિવસે. ગુજરાતી ગઝલનો એક અત્યંત રમણીય પડાવ છે અમૃત 'ઘાયલ'. 'આઠો જામ ખુમારી' એમનો સમગ્ર કાવ્યસંગ્રહ છે. સંગ્રહોનાં નામ છે 'શૂળ અને શમણાં', 'રંગ', 'રૂપ', 'ઝાંય', 'અગ્નિ', 'ગઝલ નામે સુખ' વગેરે.

'ઘાયલ'ની ગઝલમાં આપણે ગઝલની સ્વરૂપગત જે વિશેષતાઓ છે તે સુપેરે અનુભવી શકીએ છીએ, જેમકે, હુસ્ને-ખયાલ – વિચારનું સૌંદર્ય, અંદાઝે-બયાન – અભિવ્યક્તિ, મૌસિકી – સંગીત, તસવ્વુફ – અધ્યાત્મ, નુદરત – નાવીન્ય કે વૈચિત્ર્ય વગેરે. અમૃત 'ઘાયલ'ની મુખ્ય મુખ્ય લાક્ષણિકતાઓ પર એક નજર નાખવાનો અહીં મારો નમ્ર પ્રયાસ છે.

લાક્ષણિક્તાઓ :

પરંપરાગત ગઝલકવિ

રજૂઆતમાં સાદગીયુક્ત તીવ્રતા

અરૂઝ, રદીફ-કાફિયાની ચોકસાઈ

સીધુંસાદું કથન હોય પણ એમાં ચાટુક્તિનો અહેસાસ થાય

લોકવ્યવહારની ભાષા એના તમામ વૈભવ સાથે આવે

તરત જ સમજાય તેવી અભિધામૂલક રજૂઆત, પરંતુ કથનરીતિમાં નાવીન્ય

સામાજિક અને જીવનગત સત્યને સરળ-સહજ રીતે રજૂ કરવાની આવડત

મુલાયમ કોમળ ભાવોની અસરકારક અભિવ્યક્તિ

માનવીય સંબંધનાં મુખ્યત્વે કોમળ-મધુર પાસાંઓ વ્યક્ત કર્યાં છે.

પોતાની ખુમારી અને બુલંદીનું વારંવાર બયાન કરે છે.

અમૃત 'ઘાયલે' રચનાપ્રક્રિયા કે ગઝલ વિશે પણ ઘણું કહ્યું છે :

શબ્દની આરપાર જીવ્યો છું,
હું બહુ ધારદાર જીવ્યો છું;
સામે પૂરે ધરાર જીવ્યો છું,
વિષ મહીં નિર્વિકાર જીવ્યો છું;
ખૂબ અંદરબહાર જીવ્યો છું,
ઘૂંટેઘૂંટે ચિકાર જીવ્યો છું;
મધ્યમાં જીવવું જ ના ફાવ્યું,
હું સદા બારોબાર જીવ્યો છું.

ઝાંખીના જળમાં વિચારોને ઝબોળી રાખો,
ઊર્મિને ઘૂંટી અને ચિત્ત મહીં ઘોળી રાખો,
આપમેળે જ પછી અંગ મરડશે આકાર,
લોહીમાં થોડો વખત લેખિની બોળી રાખો.

અણગમાને અતિક્રમી તે ગઝલ,
ને પ્રણયમાં પરિણમી તે ગઝલ;
લાજના ભાવથી નમી તે ગઝલ,
જે પ્રથમ દૃષ્ટિએ ગમી તે ગઝલ;
આંખમાં આંજી સ્નેહનો સુરમો,
રાતભર સોગઠે રમી તે ગઝલ.

લયની રમ્યતા અને એ દ્વારા જન્મતું નાદમાધુર્ય :
કાજળભર્યાં નયનનાં કામણ મને ગમે છે,
કારણ નહિ જ આપું, કારણ મને ગમે છે;
લજ્જા થકી નમેલી પાંપણ મને ગમે છે,
ભાવે છે ભાર મનને, ભારણ મને ગમે છે.

અમે ધારી નહોતી એવી અણધારી કરી લીધી,
અજાણી આંખડીએ ચોટ ગોઝારી કરી લીધી;
કોઈનાથી અમે બે વાત શું પ્યારી કરી લીધી,
જવાનીમાં મરણની પૂર્વતૈયારી કરી લીધી.

કથનમાં સાદગી છતાં ભાષાનું સૌંદર્ય કલાત્મકતાના સ્તરે મૂકી આપે :
કસુંબલ આંખડીના કસબની વાત શી કરવી?
કલેજું કોતરી નાજુક મીનાકારી કરી લીધી;
મજાની ચાંદનીમાં નોતરી બેઠા ઉદાસીને,
અમે હાથે કરીને રાત અંધારી કરી લીધી.

દુઃખ વગર, દર્દ વગર, દુઃખની કશી વાત વગર,
મન વલોવાય છે ક્યારેક વલોપાત વગર;
આંખથી આંખ લડી બેઠી કશી વાત વગર,
કંઈ શરૂ આમ થઈ વાત શરૂઆત વગર.

ચાટુક્તિઓ વારંવાર આવે અને સદ્ય ભાવશબલિત કરી દે :
આકર્ષણ પગ કરવા લાગે,
સુંદર ચહેરા વરવા લાગે;
સંબંધનો દસ્તુર છે, 'ઘાયલ',
સમય જતાં ઓસરવા લાગે.

રંગ પી, રોશની પી, લાલી પી,
એક શું કામ, લાખ મયાલી પી;
છે નિરાલીમાં આ નિરાલી, પી,
શોખ ખાતર નહીં તો ખાલી પી.

મૃદુ મનેખ, મુલાયમ રંગત નથી મળતાં,

કે અવ એ ભાતીગળ ભવનાં ભરત નથી મળતાં.

તલ તિલક લટ તખત મુગટ શું છે !
જો નથી કૈં ગુપત, પ્રગટ શું છે !
હોય જે સિદ્ધ એ જ જાણે છે,
દૂર શું છે અને નિકટ શું છે !
તેં નથી કેશની તથા જોઈ,
આજ અંધાર શું છે – પટ શું છે !

હજી આંખમાં જાણે ફરકે છે કોઈ,
હજી મીઠું શરમાઈ મરકે છે કોઈ;
વિખૂટાં પડ્યાં તોય લાગે છે, 'ઘાયલ',
હજી પણ રગેરગમાં સરકે છે કોઈ.

વાત મારીય નીકળી તો હશે,
સાંભળી પાંપણો ઢળી તો હશે;
મૌન પાળ્યું હશે છતાં, 'ઘાયલ',
ચીસ આંખોમાં સળવળી તો હશે.

ઈશ્કે-મિજાજીની સુંદર, કલાત્મક માવજત :
આંખોમાં આંખ પરોવી તેં કીકીઓની રૌનક જોઈ નથી,
આ અજવાળાં કરતાંય વધુ અંધારાં સુંદર લાગે છે.

પ્રથમ દૃષ્ટિએ થઈ ગઈ પ્રીત એને માતબર રાખી,
અમે જીવન ફના કીધું અને ક્ષણને અમર રાખી.

આંખો આંખોમાં પ્રીત થાએ છે,
લાખની હાર-જીત થાએ છે;
મૌન પર જા નહીં કે મન, મારા !
આમ પણ વાતચીત થાએ છે.

વાત હું કરતો હતો તો કંઠ રૂંધાતો હતો,
બોલ પણ એકાદ ના એનાથી બોલાતો હતો;
બે જવાનીના મિલનની હાય એક રંગીન પળ,
રૂપ શરમાતું હતું અને પ્રેમ ગભરાતો હતો.

તારલાથી અટારી શણગારી,
કોઈએ ખોલી ચંદ્રની બારી;
ને અહીં વલવલાટે ચપટી ભરી
ઉર મહીં ચાંપી દીધી ચિનગારી.

કે માણીગરની સોબત વિણ નથી આ વાત સમજાતી,
મજા જે હોય છે છાંટામાં, વર્ષામાં નથી હોતી.

વર્ષો જવાને જોઈએ ત્યાં ક્ષણમાં જઈ ચડ્યો,
આશ્ચર્ય વચ્ચે એમના આંગણમાં જઈ ચડ્યો;
પૂછો નહીં કે આજ તો ક્યાં નીકળી ગયો,
કાજળને સ્પર્શવા જતાં કામણમાં જઈ ચડ્યો.

નાજુક ભાવોર્મિનું રમ્ય આલેખન :
મને બોલાવવા હિંમત કરી'તી પાંપણો ઢાળી,
હજીયે ભીંજવે છે એ અવાચક સાદના છાંટા.

પૂછો નહીં કે કેવો સબક શીખવી ગયાં,
સૂઝે ન કાંઈ એવું કશું સૂચવી ગયાં;
આવ્યાં હતાં ઉકેલ બની, પણ જતાં જતાં
પોતેય ગૂંચવાયાં, મને ગૂંચવી ગયાં.

જવું છે પણ જવા આ ગળચટાં જોબન નથી દેતાં,
દીએ છે માર્ગ લાલી, તો મચક ખંજન નથી દેતાં.

આમ જોયા ન કર આકાશમાં,
હુંય કાગળ છું મજાનો, પઢ જરી.

માંજરી આંખો અતિ નટખટ હતી,
લઈ ગઈ રોનક, ઉદાસી દઈ ગઈ.

કારુણ્યનું મર્મવેધક નિરૂપણ :
ગયું તળિયે સ્રોવર, છતાં ઘાટે 'ઘાયલ',
પડ્યું છે હરણ એક લંબાવી ડોકી.

કેટલું દુઃખ થાય છે અહીંથી નીકળતાં – શું કહું ?
મૃત્યુની પૂર્વે જ જાણે ખોળિયું છોડું છું હું.

પ્રશ્નો નહીં તો હોય નહીં આટલા જટિલ,
તારી જ ઝુલ્ફનાં એ ગયા ભવના વળ હશે.

સ્થિર થવા દીધો નથી કોઈ સ્થળે,
જ્યાં ગયો ત્યાંથી ભગાડયો છે મને;
હું નહોતો આમ દરવાજો, છતાં,

ખૂબ વાસ્યો છે – ઉઘાડ્યો છે મને.

તથ્યપરક ચિંતનની પ્રભાવક માવજત :
ગમે ત્યાં વેદજૂની વેદના જૂની જ હોવાની,
રૂપાની દીવડીમાં વાટ તો રૂની જ હોવાની;
નહીં મેળ એમનો બેસે કદી કાનૂનથી, 'ઘાયલ',
મહોબ્બતની દલીલો ગેરકાનૂની જ હોવાની

પ્રતીકાત્મક અને અલંકરણયુક્ત સહજ બયાન :
નીરખવી ઘટે ઠીબને પંખીની નજરથી,
નાચીજ સંબંધોય નથી હોતા નકામા.

પોપટને જેમ થાય નિહાળીને જામફળ,
કૈં એવો તુજને જોઈ, મને ભાવ થાય છે.

એમ ચળકે છે ચાંદ અંબરમાં,
રૂપ જાણે લટાર મારે છે.

એક એમ ઘટા ફૂટી અને છલકી ક્ષિતિજ પર,
જાણે હરિએ રાધા તણી હેલ ઉતારી.

નાટ્યાત્મકતા પણ ભારોભાર છે :
આ તારી ગલીથી ઊઠી જવું સાચે જ નથી મુશ્કિલ, કિન્તુ –
તું સાંભળશે તો શું કહેશે ! – બસ, એ જ વિચારે ઊભો છું;
સમજાતું નથી કે ક્યાંથી મને આ આવું લાગ્યું છે ઘેલું !
જાકારો મળ્યો'તો જ્યાં સાંજે, ત્યાં આવી સવારે ઊભો છું !

પ્રભુ જાણે, મળી'તી એની ત્યાં કોનાથી નજરો કે,

કપોતી જેવી એક છોરીય પનઘટ આવવા લાગી.

છે યાદ – કેવી રીતે ભૂલું ક્ષણ રતુંબડી,
મુજ આવવું ને તારું સ્વેદે નીતરી જવું;
મારું નીકળવું સાંજના તારી ગલી વિશે,
ને હાય ! તારું નીચું જોઈ નીસરી જવું !

સાંપ્રત સ્થિતિનું બયાન :
છે રાક્ષસી મશીન, હવે થાય તે ખરું,
આ શોધ છે નવીન, હવે થાય તે ખરું;
ખુંદ ચંદ્રનીય ખેર નથી આસમાન પર,
તારુંય ઓ, જમીન ! હવે થાય તે ખરું.

હોય ના આવી નહીં તો દોડધામ,
ધર્મ પણ લાગે છે ધંધાનો પ્રદેશ

વાસ્તવદર્શન :
ચડી આવે યદિ ભૂખ્યો કોઈ, હાંકી કહાડે છે,
નથી કંઈ પેટ જેવું, અન્નકૂટ એને જમાડે છે;
કરાવે છે મકાનો ખાલી મંદિર બાંધવા માટે,
અહીં માનવને મારી લોક ઈશ્વરને જિવાડે છે.

# મારી પ્રિય કાવ્યકંડિકાઓ

સં. શ્રદ્ધા દુબે
ટી.વાય.બી.એ.

प्रेम जब अनंत हो गया, रोम रोम संत हो गया,
देवालय हो गया बदन, हृदय महंत हो गया।

साजन को पतियां लिखुं, जो कहुं होय बिदेश,
तन में, मन में, नयन में, ता को कहां संदेश ?

कागा, सब तन खाइओ, चून चून खाओ मांस,
दो नैनां मत खाइओ, मोहे पिया–मिलन की आस।

रसीला राग छेडा आम के बागो में कोयल ने,
न हो जब कोइ दिलवाला तो इसका दर्द क्या जाने ? –'राकीम' मझनुम

अभी कहां आदमी मी मंझिल ?
अभी तो खुद आदमी ही गुम है।

एक दिवाने को आये हैं समजाने कइ,
पहले मैं एक दिवाना था और अब दीवाने कइ।

एक जरा सी बात पर बरसों के याराने गये,
लो चलो अच्छा हुआ, कुछ लोग पहचाने गये।

एक उम्र कट गइ है तेरे इन्तझार में,
ऐसे भी हय कि कट न सकी जिनसे एक रात।

पत्थर कहा गया, कभी शीशा कहा गया,
दिल जैसी एक चीज को क्या क्या कहा गया। –झफर गोरखपुरी

हमने सीने से लगाया, दिल अपना न बन सका,
मुस्कुराकर तुमने देखा, दिल तुम्हारा हो गया। –जिगर मुरादाबादी

दिल अभी पुरी तरह तूटा नहीं,
दोस्तों की महेरबानी चाहिये। 'आदम'

उनको देखने से आ जाती है मुंह पे रोनक,
वो समजते है कि बिमार का हाल अच्छा है। –गालिब

मेरी जिंदगी है 'इकबाल', इन्ही दोनों मंझिलो पर,
कभी हंसके आह करना, कभी रोके मुस्कराना। -इकबाल

मुहब्बत की नहीं जाती, मुहब्बत हो ही जाती है,
यह शोला खुद भडकता है, भडकाया नहीं जाता। -मखमूर देहलवी

शाम इतनी जल्दी कैसे रास्ते में घिर गइ ?
सुबह की पहली किरन लेकर चले थे घर से हम। –फारुक शफक

सारा कमरा महकने लगता है,
अब न खत तुम किताब में रखना। -अख्तर शाहजहांपुरी

जिंदगी यूं भी गुजर ही जाती,
क्युं तेरा रेहगुजर याद आया ? –गालिब

रास्ते याद नहीं, राहनुमा याद नहीं,
अब मुझे कुछ तेरी गलियों के सिवा याद नहीं -'कतील' शिफाइ

उम्र भर में दो घडियां हम पे गुजरी है कठिन,
आप के आने के बाद, आप के जाने के बाद।

यूं तो दिल को कभी करार न था,
अब बहुत बेकरार रहता है।

जो देखेगा रोते मुझे, तुमको हंसते,
मेरी बात छोडो, तुम्हे क्या कहेगा ? –'आरजू'

बताओ, क्या तुम्हारे दिल पे गुजरे,
अगर कोइ तुम्ही-सा बेवफा हो। –जिगर मुरादाबादी

कौन रोता है किसी और के खातिर, अय दोस्त,
सब को अपनी ही किसी बात पे रोना आया।

जिसने तेरी नजर को देख लिया,
उसको दुनिया नजर नहीं आती।

हर तरफ बहार थी, हर लम्हा खुमार था,
जिंदगी का दूसरा नाम ही सूर था।

इस बस्ती में कौन हमारे आंसु पोंछेगा ?
जिस को देखो उसका दामन भीगा लगता है। –कैसर अझीम

जिस तरह हंस रहा हुं मैं पी-पी के अश्क-ए-गम,
युं दूसरा हंसे तो कलेजा निकल पडे। –कैफी आझमी

जिस को मन का मित बनाया, आखिर दुश्मन ठहरा,

किस–किस को हम मित बनाये, किस–किस से उलझें ? –अहमद ‘झफर’

हम से बदल गया वो निगाहें तो क्या हुआ ?
झिंदा है कितने लोग मुहब्बत कीये बगैर ।

दिल ने भी बहोत मजबूर किया, मीलने को भी लाखों बार मिले,
जी भर के उन्हे देखा न गया, आंखो की शराफत मार गइ ।

निगाहें मिलाकर बदल जानेवाले, मुझे तुज से शिकायत कोइ नहीं है,
ये दुनिया बडी संगदील है, यहां पर किसी को किसी से प्यार नहीं है ।

तुझे झिन्दगी कहा है, तु है झिन्दगी का हासील,
तुझे बेवफा कहा तो मुझे लोग क्या कहेगें ?

उनकी आंखो ने खुदा जाने कीया क्या जादु,
कि तबीयत मेरी माहील कभी ऐसे तो न थी । —बहादुरशाह झफर

मील भी जाते है तो कतरा के निकल जाते हैं,
हाये मौसम की तरहा दोस्त बदल जाते हैं ।

उम्रभर जान की वफाओं पे भरोसा किजीये,
वक्त पडने पर वही लोग बदल जाते है ।

जाने किस किस की मौत आइ है,
आज रुख पे कोइ नकाब नहीं । —सैद राही

मैं यूं ही गुझार देता शबे गम सम्हल सम्हल के,
तुम्हे क्या मिला बता दो, मेरी झिन्दगी बदलकर ?

किसी बेसहारा दिल को न सताओ इस तरह से,
कहीं आह न कर बैठे कोइ बदनसीब जल के।

एक दिल का दर्ख था जो रहा जिन्दगी के साथ,
एक दिल का चैन था जो सदा ढूंढते रहे। –शकील बदायूंनी

कहीं शेरो–नग्मा बनकर, कहीं आंसुओ में ढलकर,
वो मिले हैं हर जगह पर कइ सूरतें बदलकर। –शकील बदायूंनी

मोहब्बतों में दीखावे की दोस्ती न मिला,
अगर दिल नहीं मिलता तो हाथ भी न मिला। –बशीर बद्र

अशआर मेरे यूं तो जमाने के लिये है,
कुछ शे'र मगर उनको सुनाने के लिये है। –जांनिसार अख्तर

सोए कहां थे ? आंख ने तकिये भीगोये थे,
हम भी कभी किसी के लिये खूब रोये थे। –बशीर बद्र
न कुछ हम हस के शीखे हैं,
न कुछ हम रोके शीखे हैं,
जो कुछ थोडा सा शीखे हैं,
किसी के होके शीखे हैं। –'जफर'

अब के बिछडे तो शायद कभी ख्वाबों में मिलें,
जिस तरह सूखे हुए फूल किताबों में मिलें। –अहमद फराझ

## જાપાનીઝ હાઈકુનો સૌંદર્યલોક

ક્રિષ્ના રાવલ
એફ.વાય.બી.એ.

લઘુ કદમાં વિરાટ અર્થબોધ કરાવવાની ક્ષમતાવાળું હાઈકુ કાવ્યસ્વરૂપ સાહિત્યક્ષેત્રે જાપાનની અનુપમ દેન છે. સમગ્ર વિશ્વમાં અર્થઘન કાવ્યસ્વરૂપ તરીકે પંકાયેલું હાઈકુ અનેકસ્તરીય સૌંદર્યબોધનું આશ્રયસ્થાન છે. કવિતામાં વિષય, વિચાર, છંદોલય, અભિવ્યક્તિતરાહો, અલંકાર, ભાષાગૌરવ ઈત્યાદિના સ્તરે સૌંદર્યનાં એકાધિક સ્તર હોય જ છે, પરંતુ હાઈકુમાં જે રીતે કાવ્યસૌંદર્ય એની સમગ્રતામાં સંમિલિત થઈને ભાવાભિવ્યક્તિનું બહુઆયામી રૂપ ધરે છે એ રમણા જુદી જ છે. કાવ્યસૌંદર્યની તમામ શક્યતાઓને અત્યંત નાના કદમાં, ૫-૭-૫ અક્ષરના સંયોજનના માત્ર ૧૭ અક્ષરમાં, સિદ્ધ કરવાની હોવાથી શબ્દ અને અર્થ એની તમામ છાયાઓને સંગોપીને આવે એ સ્વાભાવિક છે. આ જ કારણસર હાઈકુ સૂક્ષ્મ અને સંકુલ અર્થચ્છાયાઓનું સર્વાંગસુંદર સંગમસ્થાન બની રહે છે. માત્ર એક ઉક્તિના રૂપે નહિ પણ સ્વાયત્ત કાવ્યની શરતે શબ્દાર્થસામંજસ્ય આવે એટલે એમાં સૌંદર્ય અનેકવિધ આયામરૂપે અવતરે એ સમજી શકાય તેવું છે.

જાપાનમાં હાઈકુનું કાવ્યસ્વરૂપ ઉદ્‌ભવ્યું, વિકસ્યું અને પછીથી સર્વત્ર વિસ્તર્યું. સમયાંતરે આ લઘુકાવ્યસ્વરૂપમાં સૌંદર્યની સાથે સાથે બૌદ્ધ ધર્મ, ઝેન સંપ્રદાય, પૂર્વીય આધ્યાત્મિક પરંપરા વગેરેનો પ્રભાવ વધવા લાગ્યો. પરિણામસ્વરૂપે હાઈકુ માત્ર શુદ્ધ કલારૂપ ન રહેતાં સમગ્ર સાંસ્કૃતિક ધારાઓનું સંચિત રૂપ બની ગયું. આ કારણસર હાઈકુને કલાના ધોરણો ઉપરાંત અનેક ધાર્મિક, વૈચારિક પરિપ્રેક્ષ્યમાં પણ માણી શકાય છે. પ્રકૃતિનું સૌંદર્ય એની બહુગામી અસરસહિત કેન્દ્રરૂપે આકારિત થતું હોય છે, પણ સાર્વત્રિક લોકસંવેદનાના ઐશ્વર્ય તરીકે હાઈકુ સ્થાપિત હોવાથી અર્થગૌરવનો પરિઘ વિસ્તૃત છે. આ અર્થમાં હાઈકુ અનેકાર્થનું વાચક છે. કાવ્યગત સંદિગ્ધતા અને સંકુલતા બહુપરિમાણીય હોવાને કારણે ભાવકના ચિત્તમાં એનાં અર્થવલયો વિસ્તરતાં જ જાય છે. હાઈકુ નાજુક, નમણું, નિત્યનૂતન એવું શબ્દલીલાનું લાડકું લવચીક કાવ્યરૂપ તરીકે સર્વસ્વીકૃત છે.

જાપાનીઝ હાઈકુએ કાવ્યકલાનાં અનેક સ્તરે ઉત્તુંગતા સિદ્ધ કરી છે. બાશો, ઈસ્સા, બુસોન, ચિયો-ની, કોયો, રાન્કો, શિકિ જેવા કવિઓએ હાઈકુને અનેક પરિમાણો આપ્યાં છે. દરેક કવિનાં વિષયપસંદગી, રજૂઆત, રચનારીતિ, કથનશૈલી, પ્રતીકયોજના ઈત્યાદિ અંગો નિજી અને એટલાં જ તાજાં છે. આ અને આવા અન્ય હાઈકુ-કવિઓના હાઈકુમાં કાવ્યસૌંદર્યનો અનેકસ્તરીય આલોક ધબકે છે. પ્રતિનિધિ હાઈકુના આધારે આસ્વાદદત્મક કે સમીક્ષાત્મક વાત કરતાં અનેક સૂક્ષ્મસંકુલ કલાકીય સામગ્રીનાં દ્વાર ખુલી જાય છે. ભાવ અને ભાષાની લીલા જેટલી ક્ષમતાથી હાઈકુમાં આકારિત થઈ તેવી ભાગ્યે જ અન્ય સ્વરૂપમાં આકાર પામી. પ્રતીકોની શ્રેણી, રમ્ય ઈંગિતો, ગર્ભિત સંકેતો, ઉક્તિના વણાટ, શબ્દાન્વયનું નાવીન્ય, અર્થબાહુલ્યની યોજના ઈત્યાદિ દ્વારા હાઈકુનો સૌંદર્યલોક નિતાંત ચેતોવિસ્તારનું સામ્રાજ્ય બનીને વિશ્વસાહિત્યમાં વિલસે છે.

## સંબંધમાધુરી

સં. દીપિકા પ્રજાપતિ
એફ.વાય.બી.એ.

ભૂલી જવાશે કો અભાગિયા ને ભૂલી જવાશે પ્રીતની રીત,
નહીં રે ભૂલાય એક આટલું કે એક દિન કરી'તી પ્રીત.

કોઈને નહીં કારણ કહેવાં, પૂછવું નહીં : કેમ,
પળના અનંત મારગ ઉપર વેરતો જાવો પ્રેમ. -સુરેશ દલાલ

આવે તેને આવવા દઉં, જાય તેને નહીં રોકું,
આપણો અહીંનો સંબંધ તે તો નીંદ પહેલાનું ઝોકું. -સુરેશ દલાલ

સંબંધોની મોસમના પહેલા વરસાદમાં
આપણે ભીંજાતાં હતાં ત્યારે-
મને ક્યાં ખબર હતી
કે તેં રેઈનકોટ પહેર્યો છે ! -બકુલ દવે

પાત્ર, સંદર્ભો, પ્રસંગો છે છતાં,
જિંદગી વાંચ્યા વગરની વારતા. -મુકુલ ચોકસી

દિન ગણતાં માસ ગયા, વરસે આંતરિયા,
સૂરત ભૂલી સાહ્યબા, તો ય હૈયે ન વીસરિયા.

બધું છૂપે, છૂપે નહિ
નયન ક્યારે પ્રણયનાં. -સુંદરમ્

જ્ઞાનપ્રાપ્તિની ભલે ને ના પડી આદત સજનવા,
એક સારસ જોઈને થઈ જઈશું સારસ્વત, સજનવા. -મુકુલ ચોકસી

છીછરા નીરમાં હોય શું ના'વું ?
તરવા તો મઝધારે જાવું,
ઓર ગાણામાં હોય શું ગાવું ?
ગીત ગાવું તો પ્રીતનું ગાવું. -બાલમુકુંદ દવે

માંડ રે મળી છે અલ્યા, ઉજ્જડ આ સીમ,
આમઅળગો અળગો તે શીદ ચાલે ?
આંકડિયા ભીડી લે, લજ્જાળા છેલ,
ભલે એકલદોકલ કોક ભાળે.

તું ચૂંટી લે, ક્યાં હવે એ દૂર છે ?
હાથ મારો મોગરાનું ફૂલ છે.
બે કિનારા સાવ આવ્યા છે નજીક,
એટલે આજે નદીમાં પૂર છે !
એક કોયલ જો ટહુકે તો પછી
હા, રાત આખી જાગવાનું મંજૂર છે !

ફૂલપાંદડી જેવી કોમળ
મત્ત પવનની આંગળીએથી
લાવ, નદીના પટ પર તારું નામ લખી દઉં —સુરેશ દલાલ

હાથ આડા કોઈ ચહેરાની ઉપર ધરતું હતું એવું તને કંઈ યાદ છે ?
રેશમી ગુલમ્હોર જેવું આંખથી ખરતું હતું એવું તને કંઈ યાદ છે ? —શોભિત દેસાઈ

પ્રિયાના બંધ હોઠ પર હોરીનું
આકાશ થઈ છવરાઈ જવાના અવસર
પ્રિયાના મોરપીંછના લીલા લીલા
સરવરમાં ભીંજાઈ જવાના અવસર. —યશવંત ત્રિવેદી

પાણીકલ્પણ દરિયો ને સુવાસકલ્પણ ફૂલ,
પ્રેમથી કલ્પણ થઈ ગયું છે જીવન જાણે ભૂલ. —જગદીશ જોશી

પ્રેમ અમારો મહાદેવ, ને અમે પ્રેમના નંદીજી,
આંખ મારતી જે જે છોરી, અમે એમના બંદીજી;
એક છોકરીએ અંગોમાં સાગરનાં મોજાં રાખ્યાં છે,
અટકળની આ વાત નથી, મેં થોડાં થોડાં ચાખ્યાં છે. –ઉદયન ઠક્કર

તેં વાત કરી તારી સહિયરને, તારી મોટી ભૂલ છે,
મેં એવું ક્યારે કહ્યું તને, તું કેસૂડાનું ફૂલ છે ?

હતી સાંજના મગ્ન, પિયુએ આંખ દબાવી દીધી,
મેં પણ ભળતાં નામ કહી એ પળ લંબાવી દીધી,
હું અનરાધારે વરસી'તી, મુશળધારે પલળી'તી. –વીરુ પુરોહિત

જીવનની સમી સાંજે મારે જખ્મોની યાદી જોવી'તી,
બહુ થોડાં પાનાં જોઈ શક્યો, બહુ અંગત અંગત નામ હતાં. –સૈફ પાલનપુરી

આપણે તો હદ કરી આ પ્રેમના વિશ્વાસમાં,
નામ તારું કોઈ પૂછે, મારું કહે બેભાનમાં.

હું જ મારા હાથથી છૂટી ગયો છું,
હતો છલોછલ જામ ને તૂટી ગયો છું. –બરકત વીરાણી 'બેફામ'

હું જ સામા વાયરે દોડી ગયો,
હાથમાં દીવો હતો, ભૂલી ગયો. – બાલુભાઈ પટેલ

આ યુવાની, આ ખુમારી, આ નજાકત, આ નજર
કંઈ કેટલાંયે દિલ હચમચાવી નાખશે, કોને ખબર ?
કિંતુ માસૂમ ફૂલ જેવા દિલને ક્યાં ખ્યાલ છે,
જિંદગી બરબાદ કરશે કાં ભ્રમર, કાં પાનખર ! –વિશ્વરથ

માત્ર એના અનુભવ થયા સૌ નવા,
પ્રીત તો એની સાથે પુરાણી હતી. –બરકત વીરાણી 'બેફામ'

મને દોસ્તોનો અનુભવ ન પૂછો,
હવે દુશ્મનો પર ભરોસો કરું છું. –સૈફ પાલનપુરી

દિવાનગીએ હદ કરી તારા ગયા પછી,
પુછું છું હર મકાન પર, ‘કોનું મકાન છે ?’ –અમર પાલનપુરી

પરિસ્થિતિ હવે પહોંચી ગઈ છે ક્યાં સુધી, જો જો !
ગમે તે આવતું હો પણ તમારું આગમન લાગે. –‘નૂરી’

તારી ઉદાસી સાંજને શણગારવા પ્રિયે,
લે, મોકલું મઘમઘ તને સપનાં નવાં પ્રિયે. –હર્ષદ ત્રિવેદી

નાખ છત્રીને ધરામાં, નિર્વસન થઈને નીકળ,
આવું ચોમાસું ભલા ન આવતું વરસોરવસ. –પુરુરાજ જોષી

લો, તમે તો થાકથી બેસી ગયાં,
ને શરૂઆત જ સફરની થાય છે. – ફિલિપ ક્લાર્ક

નામ મારું સાવ એના નામની પડખે લખી,
કોણ જાણે કેમ અમથું ભૂંસવાનું મન થયું. –હરેશ ‘તથાગત’

તને પીતાં નથી આવડતો મૂર્ખ મન મારા,
પદાર્થ એવો કયો છે કે જે શરાબ નથી ? -ઘાયલ

ચીજ બીજી શું પછી એ સાચવે,
પ્રેમ જેવો પ્રેમ જે ખોયા કરે ? – ફિલીપ ક્લાર્ક

ક્યારેય કોઈ વાતનો સીધો જવાબ નહિ,
આમ જ હરેક વાત એણે ટાળી હોય છે. –કિસન સોસા

મળે તો એમને કહેજો કે ખૂશ્બો મ્યાનમાં રાખે,

બગીચામાં બધાં ફૂલોની હમણાં ઘાત ચાલે છે. –મનહર મોદી

કેટલો નજીક છે આ દૂરનો સંબંધ પણ,
હું હસું છું એકલો, એ એકલાં શરમાય છે. –સૈફ પાલનપુરી

બે મિનિટનું મૌન એના માનમાં,
જે પ્રસંગો રહે છે ઉજવાયા વિના,
એ હતું અભરાઈ પર વર્ષો સુધી,
ને ગયું પસ્તીમાં વંચાયા વિના. –હેમેન શાહ

જાણી બુઝીને અમે અળગાં ચાલ્યાં,
ને છતાં પાલવ અડક્યાનો મને વ્હેમ છે,
સાવ રે સફાળાં તમે ચોંકી ઊઠ્યાં,
ને પછી ઠીક થઈને પૂછ્યું કે કેમ છે ! –હરીન્દ્ર દવે

આંખોમાં સ્વપ્નમેઘ, વદન પર વ્યથા ભરી,
દર્પણ દઝાય એવા અમારા દીદાર છે. –હેમંત દેસાઈ

કિસ્મતમાં કોઈના કદ એવી ના પ્રીત હો,
જેમાં મિલનના હોઠે જુદાઈનાં ગીત હો. –‘શૂન્ય’ પાલનપુરી

પાસે રહું તો ભય કે વિખૂટાં પડી જશું,
આઘે રહીને માંડું અંગત થવાની વાત. –હરીન્દ્ર દવે

હજી આંખમાં જાણે ફરકે છે કોઈ,
હજી મીઠું શરમાઈ મરકે છે કોઈ,
વિખૂટાં પડ્યાં તો ય લાગે છે, ‘ઘાયલ’,
હજી પણ રગેરગમાં સરકે છે કોઈ. -ઘાયલ

કોઈ પગલાં, કોઈ પગરવ ન હતાં દૂર સુધી,
તો ય મેં તો ઘરની સીમાઓને સજાવી રાખી,
આપ નહીં આવો એ નક્કી જ હતું પણ મેં તો

મારા હૈયાથી આ વાતને છાની રાખી. –સૈફ પાલનપુરી

વાલમ તારે ફળિયે હું તો ઝરમર થઈને વરસું,
ઝરમર થઈને વરસું તો યે
સરવર થઈને તરસું. -નલિની માડગાંવકર

ભલેને મૌન હો પણ
હોઠ જો મલકાઈ જાય છે,
તો સમજ્યા વિના અમને
બધું સમજાઈ જાય છે. –જયંત શેઠ

અમારી જિંદગીનો આ સરળ સીધો પરિચય છે,
રૂદનમાં વાસ્તવિકતા છે ને હસવામાં અભિનય છે. –સૈફ પાલનપુરી

છે અજબ પ્રકારની જિંદગી,
કહો એને પ્યારની જિંદગી,
ન રહી શકાય જીવ્યા વિના,
ન ટકી શકાય જીવન સુધી. –'ગની' દહીંવાલા

પરસ્પર બે ઉરોને ભેટતાં બહુ વાર લાગે છે,
મિલન થઈ જાય છે કિન્તુ થતાં બહુ વાર લાગે છે. -ઘાયલ

જે જે ગમે
તે તે તમે. –ગુલામ હુસેન ચારણિયા

તું અચાનક ફૂલને સ્પર્શે અને
એક આખા શહેર પર રેશમ પડે,
હું કોઈ શમણું અવ્યવહારું બનું,
ને તને પણ રાત આખી કમ પડે. –શોભિત દેસાઈ

બે દિલની આસપાસ અકળ આવરણ હતું,
ઉજાગરો અહીં અને ત્યાં જાગરણ હતું. –પૂજક

પાસે રહું તો ભય કે વિખૂટા પડી જશું,
આઘે રહીને માંડું છું અંગત થવાની વાત. –હરીન્દ્ર દવે

‘બેફામ’, જીવનની એક એવી મુશ્કેલ કહાની લાવ્યો છું,
કહેવું છે સભામાં એનાથી ઝાઝું તો છૂપાવી દેવું છે. –બેફામ

કોઈ જાણીતો શ્વાસ લાગે છે,
એ અહીં આસપાસ લાગે છે. –શોભિત દેસાઈ

## ભાવનવ્યાપાર

પ્રો. નિસર્ગ આહીર
ગુજરાતી વિભાગ

કલા છે ભોજ્ય મીઠી ને ભોક્તા વિણ કલા નહિ,
કલાવાન કલા સાથે ભોક્તા વિણ મળે નહિ.

કલાપી આ પ્રમાણે કહે છે તેમાં કલાના રચયિતા અને ભોક્તાના સંબંધની મૂળગામી હકીકત રજૂ કરવામાં આવી છે. સર્જન, ભાવન અને વિવેચનના પ્રશ્નો સાહિત્ય જેટલા જ જૂના છે. એનો અંત આવવાનો નથી. સમયેસમયે નવું ઉમેરાતું જાય છે તેમતેમ નવા નવા પ્રશ્નો સામે આવતા જ જાય છે. પરંતુ એટલું તો ચોક્કસ કે સર્જન છે તો ભાવન છે અને ભાવન છે તો કલાની પ્રવૃત્તિ થતી રહે છે. બન્નેનો સંબંધ અવિનાભાવી છે. સર્જનવ્યાપાર સમજાવવો ખૂબ જ કઠિન છે એમ ભાવનવ્યાપાર પણ સમજાવવો મુશ્કેલ છે. અહીં હું ભાવનવ્યાપાર વિશેની કેટલીક પાયાની બાબતો મુદ્દાપુરઃસર મૂકવા માગું છું.

**ભાવનની વિભાવના :**

'ભાવન' શબ્દમાં જ 'ભાવ'ની પ્રધાનતા છે. સર્જક જે સર્જના કરે તેને પોતાના ચિત્તમાં ઝિલીને બિનઅંગત ભાવવિશ્વને અંગત ભાવરૂપે સ્વીકારીને સાહિત્યાનંદ માણે તે ભાવક. ભાવક પાસે સર્જનનું સાધારણીકરણ થાય તેવી સજ્જતાની અપેક્ષા રહે છે જ. આ સજ્જતા એટલે વ્યાપક સંવિદતંત્ર, કેળવાયેલ ભાવવિશ્વ, કલાપદાર્થની વિસ્તૃત સમજ, પૂર્વગ્રહમુક્ત ઉચ્ચ રુચિ, અધ્યયન-મનન-ચિંતનના પરિણામે જન્મેલ વિવેક ઈત્યાદિ. જેમ સર્જકપક્ષે, તેમ ભાવકપક્ષે પણ પ્રતિભાની અપેક્ષા રહે છે.

**વાચન અને ભાવન :**

વાચક અને ભાવકમાં તાત્ત્વિક ભેદ છે. વાચન માહિતી, જ્ઞાન, જાણ માટે હોય છે; ભાવન અનુભૂતિ માટે હોય છે. એના દ્વારા માહિતી, જ્ઞાન કે જાણકારી મળે તો તે સારું છે, પણ સાહિત્યવાચનનો મુખ્ય આશય તો ભાવનનો જ છે અને ભાવન દ્વારા પ્રાપ્ત થતા આનંદનો છે.

કૃતિના ભાવનની પળોમાં શું થતું હોય છે ભાવકચિત્તમાં ? સર્જનની સમાંતરે તેની તમામ ચેતનાની ગતિ થતી હોય છે અને પોતાનું અલાયદું વિશ્વ રચાતું આવે. તેનું ભાવવિશ્વ વ્યાપક બને, ચિત્તના સુષુપ્ત ભાવો જાગૃત થાય, નવો પ્રકાશ લાધે, રમ્ય કેન્દ્રો આનંદથી ખુશખુશાલ કરી દે, ગોપિત રસસ્થાનો મુગ્ધ કરી દે, 'હવે પછી શું ?'-ની અપેક્ષા જાગે, કલ્પનાજગત સળવળી ઊઠે, પ્રત્યક્ષીકરણ થવા લાગે, પોતાની અનુભૂતિ પણ એમાં ભાગ લેવા લાગે, નિજી અનુભવો જાગૃત થઈ ભાવનાત્મક સધિયારો શોધી લે ઈત્યાદિ ઈત્યાદિ. ભાવક માત્ર સર્જનની સાથેસાથે ચાલે છે તેમ નહિ, તે

ખાસ્સો વિરોધાય પણ છે, અટકે છે, વિચારે છે, નવા રસ્તાઓ જાતે જ શોધી લે છે. તે સર્જકની કચાસોને જાતે પૂરતો પણ જતો હોય છે. આવી અનેક પ્રક્રિયાના અંતે તેને જે મળે છે તે ભાવસૌંદર્ય અને આ સૌંદર્ય આનંદપર્યવસાયી હોય છે.

**ભાવન સંદર્ભે પાયાના પ્રશ્નો :**

સર્જક પોતાને અભિપ્રેત અનુભૂતિ, લાગણી, સૌંદર્ય, સત્ય, તથ્ય, આવેગો, કલ્પનામાધુર્ય ઈત્યાદિને કોઈ કૃતિપિંડરૂપે મૂકે એને અભિવ્યક્તિ કહેવાય છે. એવો સર્જનપિંડ સાંભળવાથી, વાંચવાથી કે કોઈ અન્ય માધ્યમથી ભાવક ઝિલે એટલે એવા વ્યાપારને સંક્રમણ, અવગમન કે પ્રત્યાયન કહેવાય. આ અર્થમાં કર્તા, કૃતિ અને ભાવકનો ત્રિકોણ રચાય તે રચનાપ્રક્રિયાની પૂર્ણતા દર્શાવે છે. પ્રશ્ન એ થાય છે કે શું કૃતિના કર્તાએ કહેલું તમામ ભાવકમાં સંક્રાંત થાય છે ? સર્જકની ભાવાવસ્થા અથવા મનોભૂમિકાએ ભાવક પહોંચી શકે છે ખરો ? સર્જકનું નિજી અનુભૂતિવિશ્વ ભાવકનું યથાતથ ભાવવિશ્વ બને છે ખરું ? સર્જક પાસે એવી અપેક્ષા રાખી શકાય કે તેણે ભાવકોને ધ્યાનમાં રાખીને જ સર્જન કરવું ? ભાવક પાસે પણ એવું અપેક્ષિત રહે કે તેણે સંપૂર્ણપણે સર્જકની સમાંતરે થવું ? ભાવન વિશેના આવા અનેક પ્રશ્નો છે, જેનો સરળતાથી ઉત્તર આપી શકાય તેમ નથી.

**ભાવન-અનુભાવન :**

કોઈ પણ કૃતિનું ભાવન શક્ય છે, અનુભાવન અશક્ય છે. સર્જકચિત્તમાંથી સર્જાયેલ રચના દ્વારા ભાવનની કક્ષાએ સંપૂર્ણપણે સર્જકની સમકક્ષ થવું અશક્ય છે. એવો આગ્રહ પણ શા માટે હોવો જોઈએ ? સર્જક સર્જના કરે પછી કૃતિ સ્વાયત્ત બની જતી હોય છે. ભાવક ભાવન દ્વારા પોતાની કલ્પનાશક્તિ, અનુભૂતિ, રસરુચિ અને પ્રતિભાના આધારે કલાનંદ માણે એ જ પૂરતું છે.

**અર્થઘટનના પ્રશ્નો :**

આપણું જગત નક્કર તથ્ય સાથે સંકળાયેલું છે. એટલે જ આપણે સાહિત્યમાં પણ તે તથ્યને શોધવા મથીએ છીએ. આપણે અર્થહીન કશું સ્વીકારી શકાતા નથી, કેમકે આપણું નામરૂપાત્મક જગત એનાથી પામી શકાતું નથી. એટલે સામાન્યતઃ સાહિત્યકૃતિના ભાવન વખતે 'આનો અર્થ એટલે આ...' એવી સમજની સહજ જ પરંપરા ચાલતી હોય છે. શબ્દની સાથે અર્થ સંકળાયેલો જ હોય, પણ ઘણી વાર શબ્દોનાં સંયોજનો સૂક્ષ્મસંકુલ હોય તો તરત જ પ્રશ્ન થાય કે 'આનો અર્થ શું ?' સામાન્યતયા ભાવક કૃતિનું અર્થઘટન કરવા મથે છે. પણ આપણે એ સમજી લેવું જોઈએ કે અર્થ કરતાં પણ વિભાવના-*concept*-વધારે મહત્ત્વની છે. આપણું જગત જેટલું સ્થૂળ છે એટલું જ સૂક્ષ્મ છે. જેટલું મૂર્ત છે તેટલું જ અમૂર્ત છે. આપણા મોટા ભાગનું જીવન તો અમૂર્ત ધારણાઓ, કલ્પના કે ભાવનાના આધારે જ ચાલતું હોય છે. એટલે જે તે સાહિત્યપદાર્થનો અર્થ શોધવો એ સર્વસ્વીકૃત બાબત હોવા છતાં એ જ સાધ્ય છે એમ માની લેવાની જરૂર નથી. શબ્દના અર્થની પણ બે કક્ષા છે : અર્થશક્તિ-*significance*-અને અર્થવ્યક્તિ-*value*. સર્જક શબ્દની આવી અનંત શક્યતાઓને આધારે મહત્તમ અર્થવ્યાપાર સર્જતો હોય છે.

**અર્થસંકુલ અને અર્થબહુલ રચના :**

ચોક્કસ અર્થઘટન કરતાં અર્થબહુલ કે અર્થસંકુલ કૃતિ જ સારી. અલગઅલગ સમયની વાચનાએ આવી કૃતિ નવાં જ પરિમાણો આપતી હોય છે. આ અર્થમાં કેટલીક કૃતિઓ નારિકેલફલપાક જેવી હોય છે, એનું કોચલું ભેદવાની સજ્જતા આવકાર્ય છે.

ભાવકે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે સારી સાહિત્યકૃતિ એક જ અર્થ આપીને અટકી જતી નથી. એમાં અર્થઘનતા હોય છે અને અર્થબાહુલ્ય પણ હોય છે. બે શબ્દની વચ્ચે રહેલો અવકાશ, કદી સ્થૂળ રીતે ન દેખાતો અર્થ જ કૃતિને રમ્ય બનાવે છે. બધું જ દર્શાવી દેવાનો આગ્રહ સારો સર્જક ન રાખે. તે જે દેખાડે તેના કરતાં તો વધારે છૂપાવે. કહેવા કરતાં ભાવકની કલ્પનાને ખીલવાનો અવકાશ આપે. સર્જકની આવી પ્રયુક્તિઓને સમજીએ તો કૃતિનું ગોપિત સૌંદર્ય પામી શકાય. ઘણી વાર સામાન્ય વાચકને 'દુર્બોધ' લાગતી કૃતિ વસ્તુતઃ તો અર્થબહુલ હોય છે કે વ્યંજનાસભર હોય છે. એવી કૃતિનું સૌંદર્ય પામ્યા પછી ચિત્ત નાચી ઊઠે છે.

**ભારતીય મત :**

ભાવક સંબંધી ચર્ચામાં ભારતીય સાહિત્યમાં જે કંઈ મીમાંસા થઈ તે સંદર્ભ પણ તપાસવો રસપ્રદ છે. રાજશેખરે ભાવકનું ખૂબ મહત્ત્વ કરીને સર્જન માટેની કારયિત્રી પ્રતિભા જેટલું જ મહત્ત્વ ભાવન માટેની ભાવયિત્રી પ્રતિભાને આપ્યું. ભારતીય પરંપરાએ 'સહૃદય' જેવો અદ્‌ભુત શબ્દ પણ આપ્યો. 'સહૃદય' એટલે ઉત્તમ કૃતિઓના પરિશીલનથી જેનું ચિત્ત મુકુરીભૂત થયું છે તે.

ભારતીય સાહિત્યમીમાંસામાં ધ્વનિ અને વક્રોક્તિ વિશે જે વિચારણા થઈ છે તેમાં સાહિત્યની આવી અનેકસ્તરીય અર્થવત્તાનું જ મહત્ત્વ કરવામાં આવ્યું છે. ભાવક જો સજ્જ ન હોય, રસરુચિ કેળવાયેલ ન હોય તો ધ્વનિસંકેતો, સાહચર્યો, સૂક્ષ્મતા અને અર્થબાહુલ્યને પામી શકે નહિ એ હકીકત છે, પણ સાહિત્ય ભાવક પાસે પ્રતિભાની અપેક્ષા રાખે જ છે. આખરે સાહિત્ય કેળવાયેલા માનવ માટેની પ્રવૃત્તિ છે, પ્રબુદ્ધ લોકો દ્વારા સિદ્ધ થયેલી કલાસંપત્તિ છે.

શબ્દની ચાર શક્તિઓ સર્વવિદિત છે : તાત્પર્યા, અભિધા, લક્ષણા અને વ્યંજના. આપણો ભાષાવ્યાપાર મુખ્યત્વે અભિધાના સ્તરે, ક્યારેક લક્ષણાના સ્તરે અને ભાગ્યે જ વ્યંજનાના સ્તરે ચાલતો હોય છે, પણ સાહિત્યની ભાષામાં અભિધા કરતાં લક્ષણા અને વ્યંજનાશક્તિનું જ વિશેષ મહત્ત્વ હોય છે. એટલે જ સાહિત્યની ભાષા અને વ્યવહારની ભાષા જુદીજુદી છે. સાહિત્યમાં સર્જકની અભિવ્યક્તિ હોય છે. આ અભિવ્યક્તિ એ સાહિત્યના માધ્યમ એવા શબ્દ અને અર્થનો ઉપયોગ કરીને કરે છે. શબ્દ અને અર્થ સાહિત્યનાં માધ્યમ જરૂર છે, પણ માત્ર શબ્દાર્થ એ જ સાહિત્ય નથી. શબ્દ અને અર્થનું નૂતન સંયોજન એટલે જ સાહિત્ય. એટલે કે સીમિત શબ્દોને અસીમિત બનાવવા જતાં સાહિત્યકાર શબ્દની અર્થશક્તિને વધારે વ્યાપક બનાવે છે.

**વિવેચન અને આસ્વાદ :**

કૃતિ પાસે અમુકતમુક અપેક્ષાએ જવાથી સરવાળે ભાવકને ગેરલાભ છે. સારા ભાવકે સારાં વિવેચનો વાંચવાં જ જોઈએ. કૃતિગત વિવેચન કૃતિને અનેક પરિપ્રેક્ષ્યમાં મૂકી આપે છે અને એની અનેક સૂક્ષ્મતાઓ પામી શકાય છે. જેમ

સારાં વિવેચનો વાંચવાં જોઈએ તેમ સારા આસ્વાદો પણ વાંચવા જોઈએ. સુરેશ જોષીએ ગુજરાતી કવિતાનો આસ્વાદ કરાવ્યો છે તે એક નમૂનારૂપે લઈ શકાય.

**સૂક્ષ્મતા-સ્થૂળતા અને સાંપ્રત સ્થિતિ :**

અત્યારની મોટા ભાગની કાવ્યરચનાઓ કોઈ ચમત્કૃતિપૂર્ણ કે ચબરાકિયું વિધાન કરે છે, જેમાં કૃતક ભાવોને શબ્દની રમત દ્વારા, ભાષાની ભભક દ્વારા દર્શાવવાનો આયાસ હોય છે. એ વાચનનો વિષય બને છે, કાવ્યાનંદ કે ભાવનનો નહિ જ, એમ કવિઓએ સમજી લેવાની જરૂર છે. બ્રહ્માનંદ સહોદર-ભાવ તો ત્યારે જ જાગે, જ્યારે ધ્વનિપૂર્ણ, વ્યંજનાગર્ભ અનુભૂતિને અપૂર્વ રીતિએ મૂકી આપવામાં આવેલ હોય. ચપટાં-લપટાં વિધાનો એ કવિતા નથી જ નથી. અત્યારની મોટા ભાગની કાવ્યરચનાઓ આ પ્રકારની છે. એટલેસ્તો લખાય છે ઘણું, છપાય છે અઢળક પરંતુ વંચાય છે ઓછું. સારી કવિતા અનેકસ્તરે કામ કરતી હોય છે. એને સમગ્રતામાં, અનેક સાહચર્યોના સંદર્ભે માણીએ તો જ ભાવન થયું કહેવાય. જેમકે, રમેશ પારેખની આ પંક્તિ જુઓ :

''મારી હથેળીમાં ય એવી રેખાઓ, જેવી રેખા છે ખાખરાના પાનમાં.''

અહીં ખાખરાના પાનના સાદશ્યે હાથમાંની રેખાઓને જોઈએ તો ઘણી રેખાઓ એ વૈભવ નહિ, વેદનાનો વિષય બને છે. આપણા મનમાં ખાખરાનું પાન, એમાંની રેખાઓ, શુષ્કતા, સંકુલતા ઈત્યાદિના જે ભાવવિવર્તો જન્મે છે એની જ મજા છે. સારો કવિ આવી અનંત શક્યતાઓ ભાવક સમક્ષ ધરી દેતો હોય છે.

**ભાવન : એક અર્થસંકુલ શબ્દ :**

ભાવન અત્યંત અંગત અનુભવ છે. અને ભાવનનાં કોઈ ચોક્કસ પરિમાણો બાંધી શકાતાં નથી. હા, કોઈ ભાવકે કરેલાં કે લખેલાં આસ્વાદનોને આધારે આપણે કૃતિનાં નવાં પાસાંઓ પામી શકીએ એમ બની શકે.

ભાવન માટે પૂર્વના અને પશ્ચિમના સાહિત્યમીમાંસામાં અનેકસ્તરીય ચર્ચાઓ થયેલી છે. પાશ્ચાત્ય મીમાંસામાં ભાવક-પ્રતિભાવનો વિવેચન-સંપ્રદાય -reader response school of criticism- પણ ખૂબ જ પ્રચલિત બન્યો છે.

ભાવન એક સંકુલ સંજ્ઞા છે અને તે અનેકસ્તરીય છે. આ ભાવનના અનેક પ્રકારો છે. જેમકે સાહિત્યિક ભાવન (literary criticism), સર્જનાત્મક ભાવન (creative criticism), સમીક્ષાત્મક ભાવન (critical criticism), ભ્રાન્ત ભાવન (miscriticism), અતિ ભાવન (over criticism), અલ્પ ભાવન (under criticism), આદર્શ ભાવન (ideal criticism), સાચું ભાવન (true criticism), ઈત્યાદિ. આ ચર્ચાનો પાર આવે તેમ નથી.

**ભાવકલક્ષી સજ્જતા :**

કલાપક્ષે જેટલું મહત્ત્વ સર્જનનું છે, તેટલું જ ભાવનનું પણ છે. સર્જન-ભાવન-વિવેચનની પ્રક્રિયા દ્વારા સર્જનનું વર્તુળ સંપૂર્ણ બને છે. સર્જક સર્જના માટે સજ્જ હોવો જ જોઈએ એવી અપેક્ષા રહે છે, તેમ ભાવક પણ ભાવન માટે સજ્જ

હોવો જોઈએ એમ માનવામાં આવે છે. સર્જક અને વિવેચકની પણ પ્રાથમિક શરત એ છે કે તેઓ સારા ભાવક તો હોવા જ જોઈએ. ભાવકલક્ષી આવી સજ્જતાનું મહત્ત્વ ભારતીય પરંપરામાં ખૂબ થયું છે. રાજશેખર આ જ અર્થમાં 'કારયિત્રી' અને 'ભાવયિત્રી' પ્રતિભાને આગળ ધરે છે. 'કારયિત્રી' પ્રતિભા એટલે સર્જન કરી શકવાની ક્ષમતા અને 'ભાવયિત્રી' એટલે ભાવન કરવાની પ્રતિભા કે શક્તિ.

આપણે ત્યાં સર્જનપક્ષે અને ભાવનપક્ષે, ઉભય પક્ષે ભાવકને ખાસ્સો અગવણવામાં આવ્યો છે. સર્જકો સર્જના કર્યે જાય છે અને ભાવકો એનું યથામતિ ભાવન કરે છે અથવા તો નથી કરતા. આવી ખાઈ હોવાને કારણે સર્જન અને ભાવનનો સેતુ રચાતો નથી અને સર્જનનો જે હેતું છે તે સંપૂર્ણતઃ સિદ્ધ થતો નથી. પરિણામ એ આવ્યું છે કે સરેરાશ ભાવક સાહિત્યિક કે કલાકીય ધોરણોથી, ઉત્તમ કલાસિદ્ધિથી દૂર ગયો છે. કોઈ પણ ઊચ્ચ કે ગંભીર કલાપ્રવૃત્તિથી એ એમ માનીને દૂર રહે છે કે એ બધું આપણા માટે નથી. ભાવનની કોઈ જ તાલીમ, પ્રશિક્ષણ કે માર્ગદર્શિકા ઉપલબ્ધ ન હોવાને કારણે સાંપ્રત સમયમાં સાહિત્ય, સંગીત, ચિત્ર, શિલ્પ ઈત્યાદિ કલાપ્રવૃત્તિથી એક મોટો સામાજિક વર્ગ ખાસ્સો દૂર થઈ ગયો છે. એમાંથી જ એક મિડિયોકર વર્ગ ઊભો થયો, જે પોપ્યુલર પ્રયાસોને કલાપ્રવૃત્તિ માનીને ચાલે છે. એમાંથી જ 'લોકપ્રિય' વિશેષણ બળવત્તર બનતું ગયું છે અને ઉચ્ચ કલાપ્રવૃત્તિને માઠું પરિણામ વેઠવાનું આવ્યું છે. સાંપ્રતનું આ સમગ્ર ચિત્ર આપણી સંસ્કૃતિ માટે વિઘાતક છે; એની ચિંતા કરવી જ રહી. લોકોનાં રસ અને રુચિ કેળવાય, વિકસાવાય એ જરૂરી છે. આ એક ગંભીર પ્રકારની સમસ્યા છે. એનો ઈલાજ નહિ વિચારવામાં આવે તો આવનારા દિવસોમાં સાંસ્કૃતિક કટોકટી ઊભી થશે જ. આ સૂક્ષ્મ પ્રકારનો રોગ છે અને એનાં માઠાં પરિણામો લાંબે ગાળે અનુભવાતાં હોય છે. ભલે ઝટ નજરે ન ચડે, કોઈ એના પર ધ્યાન ન આપે, પણ એની અસર ખૂબ જ તીવ્ર હોય છે અને ઘાતક હોય છે એ કોઈ પણ મૂલ્યગ્રાહી માણસને સમજાય તેવી ચિંતનીય બાબત છે.

ભાવનશક્તિ કેળવી શકાય છે. સાહિત્યના ભાવન માટે શું અનિવાર્ય છે કે શું ઈચ્છનીય છે તે વિશે થોડાંક ઈંગિતો રજૂ કરવાનો અત્રે નમ્ર પ્રયાસ છે. ભાવક પાસે કયાં કયાં પાસાંની અપેક્ષા રહે છે તેના વિશે સર્વગ્રાહી વાત કરવાની ઈચ્છા છે.

ભાવકની પહેલી શરત એ છે કે તેનું ભાવવિશ્વ વ્યાપક હોવું જોઈએ. ઉંમરની સાથે સાથે એની ભાવજગતની ત્રિજ્યા પણ વિકસેલી હોવી જોઈએ. બાહ્ય સૃષ્ટિના પરિચયની સાથે સાથે અનુભૂતિ, સંવેદના, ઊર્મિ, આવેગો ઈત્યાદિથી સમૃદ્ધ થયેલી આંતરિક સૃષ્ટિ ભાવક માટે અનિવાર્ય છે. આમાંથી કેટલીક બાબતો કુદરતી છે, કેટલીક વિકસાવી શકાય છે. જો જીવન વિશેની સૂક્ષ્મ અને સંકુલ સૃષ્ટિનો પરિચય નહિ હોય તો સર્જનનું ગોપનીય સૌંદર્ય હાથ નહિ લાગે. પ્રત્યક્ષ અનુભવ દ્વારા, વાંચન દ્વારા કે જગતના અવલોકન દ્વારા આપણે આપણા આંતરિક જગતને સમૃદ્ધ કરી શકીએ છીએ. પ્રાથમિક શરત એ છે કે આપણે આપણી બહારના જગતને વધારેમાં વધારે સમજવા પ્રયત્ન કરીએ કે એને માણવા પ્રયત્ન

કરીએ. આપણે આપણા માટે તેમજ બહારના જગત માટે જેમ બને તેમ સંવેદનશીલ રહીએ. બધા અનુભવો કરવા જેવા નથી હોતા, પણ સમાજમાં જે કંઈ સારુંનરસું બની રહ્યું હોય તેને સમજીને તેમાંથી નવનીત ગ્રહણ કરવું જોઈએ.

ભાવજગતને સમૃદ્ધ કરવાનો એક અગત્યનો ઉપાય એ છે કે અનેક કલાઓના પરિચયમાં આવવું, તેને માણવી, અધ્યયન કરવું, મનન કરવું. જેમ જેમ અધ્યયન અને મનન વધતું જશે તેમ તેમ અનેક નવી નવી બાબતોથી પરિચિત થવાશે અને જે વિવિધતા કે વ્યાપકતા છે એનો ખ્યાલ આવશે. સાહિત્યની બાબતમાં એમ કહી શકાય કે અનેક દેશની, અનેક ભાષાની, અનેક સ્વરૂપની અને સમયના પ્રાચીન-મધ્યકાલીન-અર્વાચીન-સાંપ્રત એવી વૈવિધ્યયુક્ત કૃતિઓનું સઘન વાચન કરવું. વાચનની વ્યાપકતામાંથી પણ ભાવવિશ્વ સમૃદ્ધ થતું રહેતું હોય છે. આપણી ચેતના એવી તો અદ્‌ભૂત વસ્તુ છે કે આપોઆપ જ આપણા ચિત્તને સમૃદ્ધ કરતી રહે છે અને બુદ્ધિશક્તિ જાતે જ પોતાનાં ધોરણો રચીને સજ્જ થતી રહે છે. તો, સતત અને શ્રેષ્ઠ વાચન ભાવવિશ્વને સમૃદ્ધ કરે છે અને સાહિત્યની સમજ સૂક્ષ્મ બનાવે છે.

ભાવકે એક ગુણ એ કેળવવાનો છે કે એણે કોઈ પણ કૃતિ પાસે જવા પૂર્વે કોઈ જ અપેક્ષા કે પૂર્વગ્રહો રાખવાના નથી. અપેક્ષા હોય તો માત્ર એટલી જ કે કૃતિ માણવી ગમે. પણ વિષય, પાત્રો, રજૂઆત ઈત્યાદિના નાવીન્ય, વૈવિધ્ય, શૈલી પ્રત્યે મુક્ત રહેવું જોઈએ. પૂર્વગ્રહયુક્ત ભાવન વસ્તુતઃ ભાવન જ નથી. કૃતિનું વિવેચન થઈ શકે, પોતાના મન મુજબનું આરોપણ ન જ થઈ શકે.

સાહિત્યકૃતિની સૂક્ષ્મતા, વૈવિધ્ય કે રચનારીતિ સમજવા માટે કૃતિનું સઘન વાચન થવું જોઈએ. નિરાંતની પળોમાં, મનને એકાગ્ર કરીને વાંચીએ તો જ સૂક્ષ્મ રસકેન્દ્રો પામી શકાય કે કૃતિની સમગ્રતા માણી શકાય.

ભાવકે સાહિત્યની રચનાપ્રક્રિયા, સ્વરૂપ, સાહિત્યિક સંજ્ઞાઓ, સાંપ્રત ગતિવિધિ, રચનાપ્રવાહો વગેરેથી પરિચિત થવું જરૂરી છે. સાહિત્યની પ્રાથમિક સમજ માટે પરિભાષાની સમજ હોવી જરૂરી છે. એટલે કે સાહિત્યનું સ્વરૂપ, રચનાવિધાન, સંકલના, ભાષા, શૈલી, વર્ણન, છંદોલય, અલંકાર, રચનાપ્રયુક્તિઓ, પ્રતીક, કલ્પન, પુરાકલ્પન, સંવાદ, ચરિત્રનિર્માણ ઈત્યાદિ જેવી સંજ્ઞાઓની પ્રાથમિક સમજ હશે તો સાહિત્યકૃતિનાં અનેક અંગોને સમજવામાં ખાસ મદદ મળશે. અહીં આવી પરિભાષાનાં મુખ્ય અંગો વિશે પ્રાથમિક સમજ આપવાનો નમ્ર પ્રયાસ કરું છે કે જેનાથી ભાવક સાહિત્યપદાર્થને વધારે સારી રીતે સમજી શકે :

'સ્વરૂપ' એટલે સાહિત્યકૃતિ જે આકારમાં જન્મ લે તે. નવલકથા, નાટક, ગીત ઈત્યાદિ સાહિત્યનાં સ્વરૂપો છે. સાહિત્યકાર પોતાના કથયિત્વ પ્રમાણે કોઈ એક સ્વરૂપને પસંદ કરી કૃતિ રચતો હોય છે. 'વિષય' એટલે કૃતિ દ્વારા રજૂ કરવામાં આવતી બાબત. જેના વિશે રચના થઈ હોય તેને કૃતિનો વિષય કહેવાય છે. 'સંવિધાનકલા' એટલે સર્જકે કહેવા ધારેલ વિષયની ગૂંથણી કે ભાત કે નિરૂપણની રીતિ. 'પાત્ર' એટલે જેના દ્વારા વિષય રજૂ થાય તે તમામ જીવસૃષ્ટિ. 'ભાષાશૈલી' એટલે સર્જકે પસંદ કરેલ ભાષા, શબ્દો, વાક્યરચના, કથનરીતિ ઈત્યાદિની વિશેષ રીત કે પદ્ધતિ. 'વર્ણન' એટલે વ્યક્તિ, પાત્ર, પ્રસંગ ઈત્યાદિની આપણને પ્રતીતિકર બને એવી ચિત્રાત્મક રજૂઆત. 'છંદોલય' એટલે કવિતામાં

નિશ્ચિત માપ કે ભાવના આરોહ-અવરોહની ચોક્કસ પ્રકારની ગોઠવણી અને આવર્તનો. 'અલંકાર' એટલે શબ્દ અને અર્થના સૌંદર્યમાં વધારો કરવાની માવજત. 'પ્રતીક' એટલે હાજર વસ્તુ દ્વારા ગેરહાજર વસ્તુનું સૂચન કરનાર કોઈક શબ્દ કે શબ્દગુચ્છ. 'કલ્પન' એટલે આંખ, કાન જેવી ઈન્દ્રિયો દ્વારા નવીન રીતે પામી શકાય તેવી આકર્ષક કલ્પના. 'પુરાકલ્પન' એટલે પૌરાણિક કાળની કલ્પનાઓ કે માન્યતાઓને આધુનિક સંદર્ભમાં પ્રયોજવી તે. 'રચનાપ્રયુક્તિ' એટલે સર્જક દ્વારા પોતાના કથયિત્વને કલાત્મક રીતે અભિવ્યક્ત કરવા માટે પ્રયોજવામાં આવેલ સંન્નિધીકરણ, કૉલાજ જેવી પદ્ધતિઓ.

અહીં માત્ર મુખ્ય મુખ્ય સાહિત્યિક પારિભાષિક સંજ્ઞાઓનો પરિચય ખૂબ જ ટૂંકમાં આપવાનો પ્રયાસ કર્યો છે. આ ઉપરાંત અનેક સંજ્ઞાઓ છે, જે સાહિત્ય સાથે સર્જન અને ભાવનથી સંકળાયેલા તમામ લોકોને જાણવી જરૂરી છે. જો સાહિત્યની આવી પરિભાષાની ઓળખ હશે તો જ સાહિત્યનાં અનેક પાસાંઓ કે સર્જકની માવજત, કૃતિનું સૌંદર્ય સમગ્રપણે માણી શકાય.

આ રીતે, ભાવકે રસ અને રુચિ કેળવવાં જોઈએ, કૃતિને સઘન રીતે માણવી જોઈએ, અનેકસ્તરીય સાહિત્યના પરિચયમાં રહેવું જોઈએ અને મુક્તતા કેળવવી જોઈએ. ભાવક આ રીતે પોતાની ક્ષમતા કેળવતો જાય એટલે આપોઆપ જ તેની સૂઝ અને સમજ સંમાર્જિત થતી જાય. તેનામાં નીરક્ષીરનો વિવેક જાગે, અત્યંત અઘરી લાગતી કૃતિનાં પણ સૂક્ષ્મ સૌંદર્યો હાથ લાગે અને રસાનુભવનું ક્ષેત્ર વિસ્તૃત બની જાય. ભાવક કોઈ કૃતિને દોષ દે તે પહેલાં એટલું ચોક્કસ તપાસી લે કે તેની સજ્જતામાં તો ખામી નથી ને ? જો જવાબ 'હા'માં આવવાની શક્યતા હોય તો તેણે સજ્જ થવાની શરૂઆત કરી દેવી જોઈએ.

*Ph. 23236351, 23232701, 23237721*
*23234116, 23235733, 23232317*
*23236735, 23239437, 23239627*

***Extension No. 413 (CPP-I Colleges)***
***UGC Website: www.ugc.ac.in***

ज्ञान–विज्ञान विमुक्तये

**SPEED POST**

विश्वविद्यालय अनुदान आयोग
बहादुरशाह जफर मार्ग
नई दिल्ली–110 002

UNIVERSITY GRANTS COMMISSION
BAHADURSHAH ZAFAR MARG
NEW DELHI-110 002

F. No. 8-490/2010 (CPP-I/C)

February, 2011

8 MAR 2011

The Registrar,
Gujarat University,
Ahmedabad – 380 009,
**Gujarat.**

**Sub:** - Recognition of College under Section 2 (f) of the UGC Act, 1956.

Sir,

I am directed to refer to the letter No. GAC/MKM/10-11/329 dated 09.09.2010 received from the Principal, Government Arts College, Maninagar, Ahmedabad – 8 (Gujarat) on the above subject and to say that it is noted that the following college is **aided** and **temporarily** affiliated to **Gujarat University**. I am further to say that the name of the following college has been included in the list of colleges prepared under Section 2 (f) of the UGC Act, 1956 under the head '**Government** Colleges teaching upto **Bachelor's** Degree':-

| Name of the College | Year of Establishment | Remarks |
|---|---|---|
| Government Arts College, Maninagar, Ahmedabad – 8 (Gujarat). | 2007 | The college does not fulfill the requirement of permanent affiliation. Therefore, the college is **not** eligible to receive Central assistance in terms of the rules framed under Section 12 (B) of the UGC Act, 1956. |

The documents submitted in respect of the above College have been accepted by the University Grants Commission.

Yours faithfully,

**(Uma Bali)**
Under Secretary

Copy to:-

1. The Principal, Government Arts College, Maninagar, Ahmedabad – 8 (Gujarat).
